
# જીવન સૌરભ




- પૂજ્ય શ્રી ચિત્રભાનુજી



प्रति,

# જીવન સૌરભ

પૂજ્ય શ્રી ચિત્રભાનુજી



પ્રકાશક

ડિવાઈન નૉલેજ સોસાયટી

''જીવન સૌરભ''

(સાતમી આવૃત્તિ)

પ્રકાશક:

© ડિવાઈન નૉલેજ સોસાયટી
E-1, ''ક્વીન્સ વ્યુ''
૨૮/૩૦, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.

કિંમત: રૂ. ૬૦/-

પ્રાપ્તિસ્થાન:

★ અક્ષય પબ્લિકેશન
૪૩, બંગલા બિલ્ડિંગ, ટોપીવાલા લેન,
લેમીંગ્ટન રોડ, મુંબઈ-૭ ☎ : ૩૮૯ ૦૬૪૭

★ નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

મુદ્રક:
સાગર આર્ટ ગ્રાફિક્સ, મુંબઈ.

# જીવનધન

મહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુજી)ના નિર્વ્યાજ પ્રેમ અને મમતાએ, મને અનધિકારી જનને પણ અધિકારી માની લીધો : અને એમની આ ચિંતન કણિકાઓ જે ખરી રીતે, જીવનમાંથી મળેલાં પ્રકાશ, પ્રેમ અને અનુભવનો પરિપાક છે. એના માટે લખવાનો સંદેશ કહેવરાવ્યો.

આવી કોઈ પ્રવૃત્તિ માટેનો મારો અનધિકાર તો મારા ધ્યાનમાં જ હતો; પણ એમનાં શબ્દનું મૂલ્યાંકન પણ ધ્યાન બારું ન હતું. એટલે જાણીજોઈને જ આ અનધિકાર ચેષ્ટા આદરી છે, એમ સૌને માની લેવાની વિજ્ઞપ્તિ છે.

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુજી) નો આ સાહિત્યપ્રયોગ એક પ્રયોગ લેખે ભલે આ રૂપ-આકારને સ્વીકારીને થતો હોય, પણ એમની પાસેનું જીવનધન એટલું બધું ઢળી જતું દેખાય છે, કે એમને પોતાના જીવનપંથમાં એક કે બીજી રીતે એ આપી દીધા વિના ચાલી શકે તેમ જ ન હતું. દરેક મહાધનવાળાની એ ખૂબી છે. એમને એ આપ્યે જ છૂટકો થાય. Abundance of an artist એ ટાગોરનો જ શબ્દ યાદ આવી જાય છે,

અને મુનિશ્રી જીવનની પળેપળની અનુભૂતિને આ ચિંતન કણિકાઓ દ્વારા પ્રગટ કરે છે. ખૂબી એ છે કે એમણે સાધુજીવનની અંતરપ્રવૃત્તિની પ્રક્રિયાને જેટલી મનોહર શૈલીથી વ્યકત કરી છે, તેટલી મનોહર શૈલીથી સંસારની પોતે જોયેલી બહિરપ્રવૃત્તિઓ વિષેના અનુભવો વ્યકત કર્યા છે. એમના લખાણમાંથી જ એ સ્પષ્ટ જોઈ શકાય તેમ છે. થોડા ઉદાહરણ જોવા બસ થશે.

★ 'પશ્ચાત્તાપનાં આંસુ સાર્યા વિના એક પણ સંત ઊર્ધ્વગામી બન્યો હોય તો મને કહેજો.'

★ 'હથેળીથી ચંદ્રલોકને સ્પર્શ કરનાર અને પગની એડીથી સાગરના તળિયાને ખૂંદનાર માનવી, કદાચ વિશ્વનાં સર્વ તત્ત્વોને

સમજી શકશે. નહિ સમજી શકે માત્ર એક જ તત્ત્વને-પોતાના મનને !'

★ 'મારા આત્મપંખીને બે પાંખ છે. એક કલ્પનાની - બીજી વાસ્તવિકતાની. કલ્પના દ્વારા હું અફાટ આકાશમાં ઊડી શકું છું તો વાસ્તવિકતા દ્વારા પુનિત વસુંધરા પર ચાલી શકું છું. આ જ મારા જીવનનું રહસ્ય છે.'

મુનિશ્રીએ આ વાક્યોમાં કહેલું એમનું જીવન-રહસ્ય એ ખરેખર જીવન રહસ્ય છે, માત્ર એમને માટે નહિ, તમામ, જેમને ધરતી સાથે માતૃપ્રેમ જાગ્યો છે ને આકાશ સાથે પિતૃપ્રેમ જાગ્યો છે, એ તમામને માટે ધરતી સુંદર રહેવાની છે, ને આકાશ વધુ સુંદર રહેવાનું છે. અથવા તો કલ્પના વિનાની નરી વાસ્તવિકતા એ જીવનખંડેર છે: અને વાસ્તવિકતા વિનાની એકલી કલ્પના એ જીવન પરપોટો છે.

કોઈક વખત એમણે જીવન માટે નિર્દેશ સુંદર-કટાક્ષ પણ કર્યો છે.

'તર્ક? વાહ, ખૂબ કેળવ્યો. આજે આપણે એવા તાર્કિક બન્યા કે જગતની માનવ-જાત ઉપર તો ઠીક પણ આપણા આત્મા ઉપર પણ આપણને શ્રદ્ધા ન રહી ! આપણે કેવા મહાન તાર્કિક !'

'પોતાની જાત ઉપર પોતાને જ અશ્રદ્ધા! હું શા માટે છું એ પ્રશ્ન નહિ- હું છું કે નહિ એ જ પ્રશ્ન !'

આ ચિંતનધન દ્વારા મુનિશ્રીએ અનેક ગરીબ આત્માઓ માટે છૂટે હાથે ને વિશાળ દિલે, લક્ષ્મીની પરબ માંડી છે-પૈસાની નહિ, લક્ષ્મીની એમ કહેવું ઠીક પડશે, આંતરલક્ષ્મીની.

ઈચ્છવું એમાં અધિકાર નથી જોઈતો એટલે આપણે ઈચ્છીએ કે ચિત્રભાનુજી આવી અનેક કૃતિઓ ગુજરાતી સાહિત્યને નિત્ય આપતા રહે.

ખાનપુર, અમદાવાદ, તા. ૧૦-૭-૫૫ ''ધૂમકેતુ''

(''સૌરભ''ની પાંચમી આવૃત્તિમાંથી)

# પ્રસ્તાવના

આપણા જાણીતા ચિંતકોમાં પૂ. શ્રી ચિત્રભાનુજીનું સ્થાન અગ્રગણીય છે. એમના વિચારોમાં અહિંસાની સુવાસ છે, ભાષામાં અનેકાન્તનો આદર છે અને આચરણમાં મૈત્રીનું માધુર્ય છે. જીવનની પ્રત્યેક પળને એ પ્રેમ, શાંતિ અને સદ્‌ભાવથી વધાવે છે. એમની વિદ્વત્તાને વિશ્વની વિદ્યાપીઠમાં પ્રાધ્યાપકનું માનભર્યું સ્થાન મળ્યું છે. એમની પ્રેરક વાણીએ લાખોને શાકાહારી બનાવી અહિંસાના માર્ગે વાળ્યાં છે. અમેરિકા અને યુરોપના હજારો પ્રવાસીઓને ભારતનાં તીર્થ દર્શને આવતા કર્યા છે. એવા આંતરરાષ્ટ્રીય મહામાનવ પૂ. શ્રી ચિત્રભાનુજીનાં ચિંતન-સમૃદ્ધ વિચારોને પ્રગટ કરતા અમને આનંદ થાય છે.


સૌરભની પાંચમી આવૃત્તિમાં એમને ક્યાંક સંપ્રદાયની ગંધ અને માન્યતાઓની શુષ્ક જડતા દેખાણી, તેને સુધારી આ પુસ્તકને ''જીવન સૌરભ'' રૂપે પ્રગટ કરીએ છીએ.

આ પુસ્તકને શુદ્ધિ અને સંસ્કરણથી સુશોભિત કરવામાં પોતાનો મૂલ્યવાન સમય આપ્યો છે એવા પૂ. પ્રમોદાબેનનો આભાર માન્યા વિના રહી શકતા નથી.

સૌરભની પાંચમી આવૃત્તિમાં સ્વ. સ્વપ્ન-દ્રષ્ટા મહાન લેખક શ્રી જયભિખ્ખુએ સાચું લખ્યું છે કે, ''અનોખાં મૌક્તિકોનો આ સંગ્રહ ''સૌરભ'' જગત, જીવન અને ધર્મ- ત્રણેને ઉજાળે તેવો છે. એની એક એક કણિકા હૃદય પર ચોટ કરનારી છે ને જો પુણ્યનો પ્રસાદ હોય તો વાલિયા ભીલમાંથી ઋષિ વાલ્મીકિ સર્જનારી છે.''

આવું સુંદર પુસ્તક અમારા શ્રી ડિવાઈન નૉલેજ સોસાયટી ટ્રસ્ટને આપવા બદલ અમે પૂ. શ્રી ચિત્રભાનુજીના આભારી છીએ. આ સુંદર પુસ્તકને મુદ્રણથી વધુ સુંદર અને કલાત્મક બનાવનાર ''સાગર આર્ટ ગ્રાફિક્સના'' પ્રોપ્રાઈટર શ્રી સુભાષભાઈ જૈન અને ચંદ્રપ્રકાશ જૈન નો પ્રયત્ન પ્રશંસનીય છે.

લિ. ટ્રસ્ટીઓ વતી
સુરેશભાઈ શાહ
ગુણવંતીબેન છેડા



વિર સંવત-૨૦૫૩
(શ્રી મહાવીર જયંતિ)

# જીવન પાથેય

જીવન પ્રવાસમાં ચૈતન્ય કેટલા વેશ અને અભિનય કરે છે; કોઈક વાર માનવનો તો કોઈક વાર પશુનો; કોઈક વાર સાધુનો તો કોઈક વાર સંસારીનો- એક જ દેહમાં આ બન્ને અભિનયો વારા ફરતી- રાત અને દિવસની જેમ ચાલતા જ હોય છે. જાણે એક માનવ પિંજરામાં વરુ અને ઘેટું સાથે પુરાઈને બેઠાં ન હોય ! પણ વિચારક આત્માને અભિનય કરતાં થાક લાગે છે અને થાક લાગતા વિચારે છે કે પોતે આ અભિનયથી - પોતાના સાચા સ્વરૂપથી કેટલો દૂર નીકળી ગયો છે. સ્વરૂપનું ભાન થતાંજ તેનો થાક ઉતરી જાય છે અને પેલા કવિની કવિતા સ્મૃતિ પટ પર ઉપસી આવે છે.

*बहुत चला तुं केन्द्र छोडकर*
*दूर स्वयं से जाने को।*
*अब तो कुछ दिन पंथ मोड*
*पंथी, अपने को पाने को।*
*लगा आग ऐसी अद्भूत कि*
*स्वयं ज्योति साकार बने।*
*रश्मिओं को दे निचोड़*
*तुं खुद स्वयं भगवान बने।*


જ્યારે માનવી આવી ભગવત્તાનો અનુભવ કરે છે ત્યારે તે પોતાનો શત્રુ ન બનતા મિત્ર બને છે અને **'अप्पा मित्तममित्तं च'** આત્માજ આત્માનો મિત્ર અને શત્રુ છે, આવા ભગવાન મહાવીરના ઉદ્‌ગારો અંતરઆત્મામાં સંભળાય છે. આવી રીતે મેં પણ આ નાદના સહારે એકલા આગળ વધવાનો સંકલ્પ કર્યો. નિર્માણ ગમે તે હોય, નિરધાર અટળ હતો. બસ આગળ વધવું- પાછા ન હટવું.

વિકટ દેખાતો પંથ કાપવો શરૂ કર્યો. આહ ! જાદૂ તો જુઓ; કંટક ભર્યા રાહમાં ગુલાબ ખીલી નીકળ્યાં. મિત્રોનો મેળો જામ્યો. સ્મિતભર્યાં સ્વાગત મળ્યાં. જાણે વિશ્વ, ઘર આંગણું બન્યું. પ્રેમ અને સહિષ્ણુતા ભર્યા અવકાશમાં આ ચિત્ત ગુલની સૌરભે મઘમઘી ઊઠ્યું.

જે સૌરભ મારું જીવન-પાથેય બની, એ સૌરભ સૌ કોઈ પ્રવાસીનું ભાતું બનો એ સદ્‌ભાવથી આ "જીવન સૌરભ" વહેતી મૂકું છું.

- ચિત્રભાનુ

# ઉદય અને અસ્ત



હે પ્રકાશના પુંજને વર્ષાવનારા ગગનના લાડકવાયા દિવાકર ! તને લોકો પૂજે છે અને વિપ્રો સન્ધ્યાવંદન કરે છે, એનું કંઈ કારણ જણાવીશ?

હું જેમ ઉદયાચળ પર નિયમિત રીતે આવું છું, તેવી જ રીતે અસ્તાચળ પર પણ નિયમિત રીતે જાઉં છું. વળી જે પ્રકાશ-સ્મિત ઉદય વખતે પાથરું છું, તેવું જ પ્રકાશ-સ્મિત અસ્ત સમયે પણ પાથરું છું, -મારે મન ઉદય અને અસ્ત સમાન છે! ઉદય ટાણે મને અસ્તનો ખ્યાલ છે અને અસ્ત ટાણે મને ઉદયની પૂર્ણ શ્રદ્ધા છે.

ઉદયમાં હું ફુલાતો નથી, તેમ અસ્તમાં મુંઝાતો નથી. મારું આ જીવન-રહસ્ય મેળવવા જ પ્રજા મને પૂજે છે અને વિપ્રો મને અર્ઘ્ય આપે છે !

# સૌન્દર્ય દર્શન



ગઈ કાલનું ખીલેલું પુષ્પ આજે શ્યામ અને કરમાયેલું દેખાય છે. ગઈ કાલે જે પુષ્પની સુંદરતાનું પાન કરતાં તરસ્યાં નયનો થાકતાં નહોતાં, તે જ પુષ્પને આજે નયનો જોવા પણ ઉત્સુક નથી. વિલાસનો વૈભવ કેવો ક્ષણ જીવી છે?

વસ્તુઓ અને વ્યક્તિઓ કેવાં બદલાય છે? એ બદલાય છે. કારણકે પરિવર્તન એ સંસારની દરેક વસ્તુનો અને વ્યક્તિનો સ્વભાવ છે. આ સત્યનું દર્શન એ જ સૌન્દર્ય દર્શન છે.

આ દર્શનથી જે છે તેને તે ક્ષણે તે રૂપે જુએ છે. એટલે એને કોઈ એવો કદાગ્રહ નથી કે આમ જ થવું જોઈએ. થવાનું હોત તો થાત જ. પણ નથી થવાનું એટલે થયું નથી. જીવવાનું હોત તો મરત નહિ. મર્યું છે કારણ કે જીવનનું આયુષ્ય પૂરું થયું છે.

# અનુભવ-વાણી



## અમરતાનો ઉપાય

વીરના સપૂત ! તું મારવા માટે નથી જન્મ્યો, પણ તારા અમરત્વને જાણવા માટે જન્મ્યો છે. અમર બનવા માટે તારા જીવનનું ઉમદા ઉદાહરણ દુનિયાને આપતો જા. સ્વાર્થનું તાંડવ નૃત્ય કરતા જગતને માનવતાના પરમાર્થમાં વિશ્રાન્તિ પમાડતો જા. માનવીના સંતપ્ત હૈયા પર દિવ્ય પ્રેમ અને વિશ્વવાત્સલ્યનાં છાંટણાં છાંટતો જા. માનવીનું ભાવિ ઉજ્જ્વળ થાય એ માટે તારા જીવનનો શુભ પ્રકાશ ધરા પર પાથરતો જા. અવિશ્વાસુ વિશ્વના હૃદયમાં, પ્રમાણિક જીવનથી વિશ્વાસની સૌરભ મહેકાવતો જા. હિંસા, વેર, ધિક્કાર અને સાંપ્રદાયિકતાના રોગથી પીડાતા માનવને તારા જીવન દ્વારા સંપ, શાન્તિ, પ્રેમ અને અનેકાન્તનો પ્રકાશ આપતો જા. જીવનને અમર બનાવવાનો આ અમોઘ અને અજોડ અવસર છે.

# તારણહાર



કોઈ દેવ કે અવતાર આવીને માણસનો ઉદ્ધાર કરે છે. આ માન્યતા અને શ્રદ્ધાએ માણસને કેટલો પુરુષાર્થહીન નબળો બનાવ્યો છે.

કોઈ કોઈનો ઉદ્ધાર કરી શકે એવી શકયતા હોત તો આટલી પ્રાર્થનાઓ અને પૂજનોથી તો માનવનો ઉદ્ધાર ક્યારનોય થઈ ગયો હોત. આટલાં લોહિયાળ યુદ્ધો અને આટલો ભૂખ મરો; આટલી ગરીબી અને આટલી યાતનાઓ કોઈ તારણહાર હોત તો ન હોત.

જે છે તે માણસે જે સારું કે ખરાબ કર્યું છે તેનું જ પરિણામ છે. જે બીજ વાવ્યું છે તેનાં જ આ ફળ છે.

માણસ આજે પણ નવું સારું બીજ વાવી સુંદર અને સારું ફળ કાલે મેળવી શકે છે. ભૂતકાળ ગમે તેવો હોય વર્તમાન કોરો છે. આ જ્ઞાનભર્યો પુરુષાર્થ નિષ્ફળતાને પણ સફળતામાં ફેરવે છે.

# વિભૂતિ



માણસો ત્રણ પ્રકારના હોય છે.

પહેલા પ્રકારના માણસને સંયોગો ઘડે છે, અને એ માણસ સંયોગોના પ્રવાહમાં તણાય છે.

બીજા પ્રકારનો માણસ સંયોગોનો સામનો નથી કરી શકતો, તેમ તે સંયોગોના પ્રવાહમાં તણાતો પણ નથી; એટલે તે સંયોગોથી દૂર ભાગે છે અને એકાન્તમાં જઈ પોતાની સાધના કરે છે.

ત્રીજા પ્રકારના માણસને સંયોગો નથી ઘડતા, પણ એ સંયોગોને ઘડે છે. અવસરે મક્કમતાપૂર્વક સંયોગોનો સામનો કરીને પણ, એ સંયોગો પર વિજય મેળવે છે. આવો માનવી જ સંયોગ પર, કાળ પર અને જગત પર પોતાની સાધનાની ચિરસ્થાયી છાપ પાડી જાય છે!

જીવનના મેદાનમાં સિદ્ધિનાં નિર્મળ નીર હાથ હાથના સો કૂવા ખોદનારને નથી મળતાં, પણ સો હાથનો એક કૂવો ખોદનારને જ લાધે છે.

# કોલસો




કોલસાની કાલિમા જોઈ માણસને હસવું આવ્યું, ત્યારે માણસની શુભ્રતા પર કોલસાને હસવું આવ્યું.

કોલસો કહે: મને હસવું આવે છે તારી બાહ્ય શુભ્રતા જોઈને! કારણ કે મેં તો મારી જાતને બાળીને, જગતને પ્રકાશ આપીને મારી જાતને કાળી કરી; પણ તમે માણસોએ તો જગતને કાળું કરી માત્ર તમારી જાતને જ બાહ્ય રીતે ધોળી કરી. અને ભાઈ! અમે કાળા હોઈએ તો પણ તેજથી ઝળહળતા હીરા આપનાર તો અંતે અમે જ છીએ ને?

જાતને બાળી પ્રકાશ આપનાર પર તમને હસવું આવતું હોય, તો અમને પણ તમારી બગલા જેવી, બાહ્ય શુભ્રતા પર હસવું કેમ ન આવે?


# પગદંડી



વાંકી-ચૂંકી પગદંડી પર થઈ એકલો ચાલ્યો જતો હોઉં છું, ત્યારે જીવનની જે અદ્ભુત કલ્પના આવે છે, તે અનિર્વચનીય છે. આસક્તિના બંધનમાંથી મુક્ત બની એકલો જ દૂરદૂરના કોઈ પ્રકાશના પ્રદેશમાં ચાલ્યો જતો હોઉં એવો મુક્તતાનો આનન્દ આવે છે.

ઉપર વિશાળ, અનન્ત, અખંડ અને શુભ્ર આકાશ અને પગ નીચે પવિત્ર, ગંભીર, વિવિધરંગી અને વાત્સલ્યપૂર્ણ વસુંધરા – આ બે સિવાય જીવનપંથમાં કોઈ સંગી કે સાથી નથી, એ સહજ ભાવનાનો આવિષ્કાર આ અરણ્યમાં ચાલી જતી પગદંડી કરાવે છે. આધુનિક સાધનોથી બાંધેલી સડકો કદાચ સુંદર હશે; પણ તે નિસર્ગની ભાવનાને જન્માવવા સમર્થ છે ખરી?

# અર્પણનો આનંદ



ધરતી ધગધગતી હતી. ચારે તરફ કાંટા પથરાયેલા હતા. ક્યાંય જવાનો માર્ગ ન હતો. મારે પેલી પાર જવું હતું. હું થંભી ગયો પણ ત્યાં તો ગુલાબનું એક ફૂલ દેખાયું. એણે હાસ્ય-સૌરભની છોળો ઉછાળી, અને આવીને મારા માર્ગમાં વીખરાઈને પથરાઈ ગયું. નીચે કાંટા અને એની ઉપર ગુલાબની વીખરાયેલી કોમળ અને નાજુક પાંખડીઓ હતી. એના પર થઈ હું ચાલ્યો ગયો.

એ પછી રાત જામી. રાત્રે હું શય્યામાં પોઢ્યો હતો. ત્યારે, નાજુક પાંખડીઓને લાગેલા ઘાના જખમો મારા હૈયામાં અકથ્ય વ્યથા ઉપજાવી રહ્યા હતા અને એમને લાગેલો તાપ, મારી કાયાને સળગાવી રહ્યો હતો; જ્યારે ગુલાબની પાંખડીઓ મસ્ત રીતે હસતી હતી, અને માદક શય્યામાં પોઢી ન હોય એવી શીતલતા માણી રહી હતી!

અમારે જાણે વેદનાનો વિનિમય થયો હતો:
કાંટા ફૂલને વાગ્યા, લોહી મને નીકળ્યું.
તડકો એના ઉપર વરસ્યો, તાપ મને લાગ્યો !

# સર્જક



એક શિલ્પીએ પોતાની શક્તિઓને કેન્દ્રિત કરી એના સર્જનમાં પોતાના સ્વપ્નને આકાર આપ્યો. સ્વપ્નને મૂર્તિમંત કરવાની ધૂનમાં એણે મિત્રો અને પ્રશંસકો ખોયા. વિલાસ અને વૈભવ ખોયો. ઊંઘ અને કીર્તિ ખોઈ. સ્વપ્ન સિદ્ધ થયું. ત્યાં એના જીવનદીપકમાં તેલ ખૂટ્યું: લોકોને લાગ્યું. હાય, બિચારો શિલ્પી સર્જેલી સૃષ્ટિનું સુખ માણવા વધારે ન જીવ્યો !

ત્યારે આંખ ઢાળતા કલાકારે કહ્યું: જીવન શા માટે છે? સદ્ભાવને આકાર આપવા માટે છે. મારી કલા દ્વારા મેં સત્ય, શિવ અને સૌંદર્યના પ્રકાશની અનુભૂતિ કરી છે. મારું ધ્યેય પૂર્ણ થયું છે હું સંપૂર્ણ જીવન જીવ્યો છું.

# જીવન રહસ્ય



આત્મ આનંદ માટે સર્જેલી ભાવનાની દુનિયાને, હું વાસ્તવિકતામાં લાવવાનો મિથ્યા પ્રયત્ન કદી નથી કરતો, કારણ કે ભાવને વાસ્તવિક બનાવવા જતાં એની ઊર્ધ્વગામી પાંખ તૂટી જાય છે.

તેવી જ રીતે વાસ્તવિકતાને હું કલ્પનાની દુનિયામાં નથી લઈ જતો, કારણ કે એથી વાસ્તવિકતા નક્કર મટી પોલી બની જાય છે. એટલે કલ્પના અને વાસ્તવિકતા-એ બન્ને દુનિયા મારે મન જીવનપૂરક છે. કલ્પનાને આકાશ છે અને વાસ્તવિકતાને ધરતી છે.

આ બંને મારા આત્મપંખીની બે પાંખો છે: એક કલ્પનાની અને બીજી વાસ્તવિકતાની. કલ્પના દ્વારા હું અફાટ આકાશમાં ઊડી શકું છું ને વાસ્તવિકતા દ્વારા પુનિત વસુંધરા પર ચાલી શકું છું. આ જ મારા જીવનનું બળ છે.

# ખંડિયેર



તું આને માત્ર પડી ગયેલાં મકાન અને નષ્ટ થયેલી હવેલી કહે છે, પણ હું તો આને આપણા પૂર્વજોનો ભવ્ય ઈતિહાસ માનું છું.

આ ખંડિયેરમાં જે વીર-ગાથા છે, આ પથ્થરોમાં જે સૌંદર્ય છુપાયેલું છે, અહીંની ધૂળના રજકણમાં જે ખમીર ઝળહળી રહ્યું છે, અહીંની દીવાલોમાં ભૂતકાળનો જે ગૌરવભર્યો ઈતિહાસ લખાયેલો છે અને અહીંના વાતાવરણમાં જે સર્જન અને વિસર્જનનો ઈતિહાસભર્યો છે, જે માણસની શક્તિ અને નિર્બળતા બંનેનું દર્શન કરાવે છે. તે આજે પણ આપણે અનુભવી શકીએ છીએ. હા, તેનું સંવેદન અનુભવવા માટે સહૃદયતાભરી દૃષ્ટિની આવશ્યકતા તો ખરી જ! જેનો સાત્ત્વિક માનસ-દીપક બુઝાઈ ગયો છે, તેને તો અહીં પણ કેવળ અન્ધકાર જ નજરે પડશે! અને એ અંધકારમાં કેવળ ભૂતના ઓળા જ દેખાશે!

# આંસુનાં મોતી




એ પ્રસિદ્ધ પ્રવચનકારનાં નીતિનાં અનેક પ્રવચનો મેં સાંભળ્યાં, પણ મારા પર એના ઉપદેશની અસર જરા પણ ન થઈ. એટલે દુ:ખનાં આંસુ આવ્યાં.

ખરતાં આંસુ બોલી ઊઠ્યાં: ''અરે ! રડે છે શા માટે? રડવાની જરૂર તો તારે કે પેલા પ્રવચનકારને? જો પેલા અનીતિના ધનથી બનેલા ઉચ્ચ આસન પર બેસી, એ ત્યાગ અને નીતિનો ઉપદેશ આપે છે ! ઉપદેશ, અનેકાન્તવાદનો દે છે અને ઝનૂન સાંપ્રદાયિકતાનું ચઢાવે છે. લોકો આગળ અહંકારના દુર્ગુણ ગાય અને પોતાના અહંકારનું પ્રદર્શન પોતાના ફોટા અને નામની તખતીઓ દ્વારા ગરીબોના ભોગે કરાવે જ જાય છે. કલહની આગ પ્રગટાવી, હવે એ સંપ ને મૈત્રીની શીતળ હવા માંગે છે.''

દંભનો પડદો ઉચકાતાં જ આંસુ મોતી બન્યાં.

# દુ:ખનો પ્રકાશ



આજ સુધી હું એમ માનતો હતો કે દુ:ખ માણસને સામર્થ્યહીન બનાવે છે, કર્તવ્ય ભ્રષ્ટ બનાવે છે, દીન અને અનાથ બનાવે છે; પણ આજના આ પ્રસંગે મારી દૃષ્ટિ બદલી છે. હવે સમજાય છે કે દુ:ખનાં કારણ સમજવાને બદલે, દુ:ખનાં રોદણાં રોવાથી જ એ ઝેરી ડંખ બને છે અને એ ડંખ મનને અસ્વસ્થ કરે છે.

પણ મારા દુ:ખમાં હું સંકળાયેલો છું. હું જ કારણ છું- આ જ્ઞાનથી દુ:ખમાં પ્રકાશ મળે છે. કાંચનને અગ્નિ શુદ્ધ કરે છે, તેમ દુ:ખનો અગ્નિ પણ માણસના મનને સમજની હૂંફ આપી કાંચન જેવું શુદ્ધ કરે છે.

આવું દુ:ખ મિથ્યા ભ્રાન્તિને ટાળે છે, આપણી આસપાસ રહેલા મિત્ર વર્તુલમાંથી સાચા મિત્રને ચૂંટી આપે છે. પરિસ્થિતિનો સ્વીકાર કરતાં શિખવે છે અને આત્માના પવિત્ર પ્રકાશમય સ્વરૂપને પ્રગટ કરે છે.

# વીતરાગ




ઓ મારા સ્વામિન ! તારી શાન્ત પ્રસન્ન મુદ્રાના દર્શન કરતાં મારી બધી જ ભૂખ ભાંગી ગઈ છે. હું તારી પાસે કાંઈ નથી માગતો, મારે કાંઈ નથી જોઈતું; તારા દરબારનાં દશ્યો જોયા પછી મને હવે કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની ઈચ્છા નથી !

પ્યાસ એટલી જ કે તારી વીતરાગતા મને સ્પર્શી જાય. મનના રાગદ્વેષ શમી જાય. ભાવાનન્દથી પ્રગટેલી આ વાણી યાચના ન હો. યાચનાનું બીજું નામ મૃત્યુ છે.

## સત્યનો મહિમા

સત્યને પ્રકાશ અને અસત્યને અંધકાર એટલા જ માટે કહેવામાં આવે છે કે સત્યવાદી પ્રમાદથીય અસત્ય બોલી જાય તો પણ લોકો એને સત્ય જ માને; જ્યારે અસત્યવાદી કોઈ પ્રસંગે મહાન સત્ય ઉચ્ચારી જાય તોયે લોકો એને અસત્ય જ ગણે.

# અંધકાર



પ્રકાશને ચાહું છું પણ અંધકારથી હું ગભરાતો કે મુંઝાતો નથી. કારણ કે અંધકારમાં એકાગ્ર બની હું ધ્યાન કરી શકું છું.

પ્રકાશમાં, અનેક વસ્તુઓનાં અવલોકન અને નિરીક્ષણથી આતમદેવ ભૂલાઈ જાય છે.

પણ અંધકારમાં તેમ નથી. અંધકારમાં વિશ્વની નાની મોટી સર્વ વસ્તુ વિલીન થઈ જાય છે- બહાર અંધકાર હોય ને અન્તરમાં પ્રકાશ હોય, ત્યારે માત્ર મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ દેખાતું હોય છે. અંધકારમાં એ અનોખા આકારને ધારણ કરી, મૈત્રી અને પ્રેમના મૂર્તસ્વરૂપે નયન સન્મુખ ખડો થાય છે !

એનું મૌન બોલે છે ''જો, તારી ને મારી વચ્ચે વાસનાનો પડદો છે. સબળ પુરુષાર્થ કરી, રાગદ્વેષના એ પડદાને દૂર કર અને પછી તો, તું તે હું છું ને હું તે તું છો- જ્યોતિ થી જ્યોતિ મલી .''

# કાર્ય-કારણ



એ મહાવનમાં થઈ હું ચાલ્યો જતો હતો, મારી નજર વૃક્ષનાં મૂળિયાંઓની મહાસભા પર ગઈ.

હસતાં મૂળિયાંઓને મેં પૂછ્યું: ''હસો છો કેમ?''

એક અતિ વૃદ્ધ મૂળિયું બોલી ઊઠ્યું: ''ભાઈ! આજે અમે માનવજાતના અજ્ઞાન પર હસીએ છીએ. જો, અમે જમીનમાં દટાયાં, ધૂળમાં રોળાયાં, અન્ધકારમાં પૂરાયાં અને વૃક્ષને ખુલ્લી હવા અને પ્રકાશમાં મોકલ્યા. જ્યારે એ વૃક્ષ પર ફળો આવે છે, ત્યારે સમજદાર કહેવાતી માનવજાત એ વૃક્ષ અને ફળોને વખાણે છે અને ધન્યવાદ આપે છે. પણ એના મૂળને તો સાવ જ ભૂલી જાય છે. અરે ! અમને તો સદા અનામી જ રાખે છે.

જુઓ તો ખરા, આ ડાહ્યા માણસોની ગાંડી બુદ્ધિ!- જે કાર્યને જુએ છે પણ કારણને તો સંભારતી પણ નથી. એ ભૂલી જાય છે કે વાવ્યું તે જ ઊગે છે.

# સરિતાનાં નીર



શુકલતીર્થના તટ પર સૂર્યે, પોતાનાં કોમળ કિરણો ચારે તરફ પાથરવાની શરૂઆત કરી હતી. નર્મદાનાં નીર ત્વરિત ગતિએ ચાલ્યાં જતાં હતાં. જતાં જતાં એ પોતાના હૈયાની એક ગુપ્ત વાત કહેતાં ગયાં.

"માનવી ! તું પ્રમાદી છો, અમે ઉદ્યમી છીએ. તું અનેક દેવમાં આસક્ત છે, અમે એક માત્ર સાગરમાં જ આસક્ત છીએ. તારું ધ્યેય અનિશ્ચિત છે, અમારું ધ્યેય નિશ્ચિત છે. તું વ્યક્તિમાં રાચે છે, અમે સમષ્ટિમાં રાચીએ છીએ. તું બીજાના નાના દોષને મોટા કરે છે, અમે બીજાના દોષને પણ ધોઈને સ્વચ્છ કરીએ છીએ. તારા સમાગમમાં આવનાર ઉજ્જવળ પણ મલિન બને છે. અમારા સમાગમમાં આવનાર મલિન પણ ઉજ્જવળ બને છે ! તારા ને અમારા આચાર, વિચાર કે ઉચ્ચારમાં મેળ ખાય તેમ નથી. એટલે અમે ઝડપભેર સાગર ભણી જઈ રહ્યાં છીએ !"

# સત્ય



સોનું કોને નથી ગમતું? સૌ એને ચાહે છે. પણ અગ્નિમાં તપેલી સોનાની લાલચોળ લગડીને હાથમાં ઝાલવા કોઈ જ તૈયાર નથી, તેમ સત્ય પણ સૌને ગમે છે, પણ એને કટુતાના પાત્રમાં પીરસશો તો એને કોઈ નહિ ઝીલે. તમારે જો સત્ય પીરસવું હોય તો પ્રિયતાના પાત્રમાં પીરસો ને ! એથી સત્યનો સ્વીકાર સ્નેહથી થશે.

## વાચાની મર્યાદા

મિત્રો! બોલતાં આવડે તો જરૂર બોલજો. તમારી પાસે જગતને આપવા માટે નૂતન સંદેશ છે, એમ તમારા આત્માને લાગે તો જરૂર બોલજો. પણ તમારા બોલવાથી માત્ર જગતમાં શત્રુઓ જ ઊભા થવાના હોય, તો બોલતા હો તો પણ ન બોલશો. આમ મૂંગા રહેવાથી કદાચ તમારા હાથે માનવજાતનું હિત નહિ થાય, તો પણ અહિત તો નહિ જ થાય.

# પ્રભુના દ્વારે



ધ્યાનનો પ્રકાશ માણસને સાચા માર્ગે દોરે છે. પૂજા કરવી હોય તો હિંસા કરીને લાવેલા દ્રવ્યો કરતાં આ જે છે તેનો ઉપયોગ ન કરીએ !

મૈત્રીભાવની સુવાસથી મનને મહેકતું કરીને સત્યના ઉચ્ચારથી વચનને મીઠું કરીને, સેવા અને સુશ્રુષાથી કાયાને પવિત્ર કરીને અને ધ્યાનના અજવાળાંથી ચેતનાને પ્રકાશિત કરીને પ્રભુના દ્વારે શાને ન જઈએ?

પ્રાર્થના હો કે પ્રભો, મારે કંઈ જ નથી જોઈતું. તારી પ્રસન્નતા મારો આનન્દ બની રહો.

# સુખની ચાવી



સંસારની વસ્તુ માત્ર પોતાના સ્વભાવમાં છે. ન એ સુખ આપે છે, ન એ દુઃખ આપે છે..


સુખ કે દુઃખનું સર્જન માણસ કરે છે. માણસ પોતાની લાગણીઓથી વસ્તુ અને વ્યક્તિ સાથે સંબંધ બાંધે છે. અપેક્ષાઓથી એને રંગે છે. પછી પોતાની સમજની મર્યાદા પ્રમાણે એનો અર્થ કરે છે.

પોતે કરેલો અર્થ સરે તો એ સુખી થાય. અર્થ ન સરે તો દુઃખી થાય. સુખ કે દુઃખ ક્યાંથી આવ્યાં? પોતે રાખેલી અપેક્ષા પૂરી ન થવામાંથી પોતાની માન્યતામાંથી.

એટલે વસ્તુ કે વ્યક્તિ એ જ હોવા છતાં એક ને સુખ આપતી 'દેખાય'. બીજાને દુઃખ આપતી 'દેખાય.'

સુખી થવા માણસે માન્યતા અને અપેક્ષા બદલવી ઘટે.

# માણસ આશીર્વાદ




માણસ અદ્‌ભુત છે. કોઈ પણ આધાર વિના, લાખો મણનો બોજ ઉપાડી હવામાં ઉડનાર વિરાટ વિમાનને બનાવનાર માણસ છે. જગતનું સર્વશ્રેષ્ઠ કૉમ્પ્યુટર પણ ન સર્જી શકે એવા હૃદય અને ભેજાનો સ્વામી માણસ છે. પોતાની કલ્પના પ્રમાણે ભગવાન બનાવનાર શીલ્પી પણ માણસ છે.

આત્મશ્રદ્ધા વિના આ જ માણસ કેવો નિર્બળ ને બીકણ બની જાય છે: પુરાણોના દેવોમાં માન્યતાના પ્રાણ પુરી આત્મશ્રદ્ધાના પ્રાણ ખોઈ બેસે છે. પોતે જ સર્જેલ મૂર્તિમાંથી સર્જનનો આનન્દ મેળવવાને સ્થાને એની આગળ કરીને ભીખ માગવા બેસી જાય છે.

માણસ જાગે અને આત્મશ્રદ્ધાના અજવાળામાં જુએ તો થાય કે આત્મા જ મહાત્મા છે. શુદ્ધ થયેલો મહાત્મા જ પરમાત્મા છે. જીવ જ શિવ છે. ખૂદ જ ખૂદા છે. આ દર્શન થતાં માણસ પોતાના મન, વચન અને કાયાની શુદ્ધિમાં લાગી જાય. આવા માણસનું અસ્તિત્વ આશીર્વાદ છે.

# પૂજામાં અપરાધ



સૂર્યનાં કોમળ કિરણોનો સ્પર્શ થતાં ફૂલો આનન્દથી ખીલી રહ્યાં હતાં. એ હસતાં ફૂલો અને કળીઓને ડાળથી છૂટાં પાડી, આપના ચરણોમાં લાવવાની મેં ધૃષ્ટતા કરી અને એ પુષ્પની પાંખડીમાં શાન્તિથી બેઠેલાં અસંખ્ય સૂક્ષ્મ કંથવાઓની જીવન દોરી મેં કાપી, પ્રભો, મને ક્ષમા કરો?

આપ નિરંજન નિરાકાર છો, એ ભૂલી ગયો. નિર્દોષ ભૂલકાં વાછરડાંઓના મોંમાંથી છીનવી લઈ એમને ભૂખાં મારી શોષણભર્યા દૂધથી આપનો અભિષેક કર્યો. વળી અબજો બેકટેરિયાના પ્રાણ લઈ દહીંનું પંચામૃત બનાવ્યું. આ અપરાધોની ક્ષમા કોણ કરશે, પ્રભો !

# કોનો દોષ?



પાપમાં ડૂબેલાને પુણ્યશાળીનો સમાગમ આનન્દ ન આપે એમાં પુણ્યશાળીનો શો દોષ? અરુણના આગમનથી જેવો આનન્દ કમળને થાય તેવો આનન્દ ઘુવડને ન થાય એમાં અરુણનો શો દોષ?

## સાધકની દૃષ્ટિ

પ્રલોભનનાં લપસણા માર્ગે સરી પડતા મનને સજ્જન મિત્ર, સદુપદેશ અને આત્મ જાગૃતિની એટલી જ જરૂર છે કે જેટલી અંધારી રાતે અટવીમાં ભૂલા પડેલા પ્રવાસીને દીપક ધરનાર ભોમિયાની.

## ભય

હૃદયમાં ભયની ઉધઈ લાગી ગઈ તો શક્તિઓ કુંઠિત બની જશે. શક્તિઓને વિકસાવવા અને નિર્ભય થવા દૂર ભાગવા કરતા એ વસ્તુઓનો પરિચય કરીએ, એનું તત્ત્વ જાણીએ, આ સમજ જ ભયને ભય પમાડશે.

# શિખર ને ખીણ



ક્ષણ પહેલાં ઉન્નતિના શિખર પર બિરાજનાર અને ક્ષણ પછી અવનતિની ખીણમાં ખેંચી જનાર ચંચળ મનને વશ કરનાર જ જગતમાં ખરેખર કામણગારો જાદુગર ગણાય!

## સ્નેહ

વિવેકપૂર્વકનો સ્નેહ, જીવનના વિસંવાદી તત્ત્વો વચ્ચે પણ પ્રેમભર્યો સદ્‌ભાવ સર્જે છે, એટલે જ સ્નેહને પણ વિવેકની જરૂર પડે છે. વિવેકવિહોણો સ્નેહ તો દારૂ જેવો ભયંકર છે, જે ઘેનનો આનન્દ આપીને પછી એને જ નીચે નાંખે છે.

## મોક્ષ

મનની માગણીઓ અને વાસનાઓમાંથી મુક્ત થવું એ મોક્ષ. આ મોક્ષ આત્માની અનન્ત શક્તિઓના વૈભવના જ્ઞાનથી જ શક્ય છે.

# પ્રકાશ-પ્રાપ્તિ



જેણે અશ્રુ વહાવ્યાં નથી તે હાસ્યનાં મૂલ્યાંકન કેમ કરી શકશે? કેવળ અન્ધકારમાં ઊછરેલો, પ્રકાશ કેમ ઝીલી શકશે? જેણે શ્રમ કર્યો નથી તે અન્નની મીઠાશ કેમ માણશે!

## પ્રકૃતિ

સાધારણ રીતે પ્રકૃતિને બદલવાનું કાર્ય મુશ્કેલ છે, પણ પ્રબળ પુરુષાર્થથી એ મુશ્કેલ કાર્ય પણ સુલભ બની જાય છે. એ જાણવા પતનની ખીણમાંથી ઉન્નતિના શિખરે પહોંચેલા મહાપુરુષોની જીવનરેખાનું અવલોકન અનિવાર્ય છે.

## તેજોદ્વેષવૃત્તિ

સરખેસરખામાં જેટલો તેજોદ્વેષ હોય છે, એટલો ઊંચનો નીચ તરફ કે નીચનો ઊંચ તરફ હોતો નથી. આ સત્ય સમજવા જેવું છે.

# માયાજાળ




માયા એ જાળ છે. એ દેખાય છે સુંદર, પણ છે ભયંકર. એને ગૂંથવી સહેલ છે, પણ ઉકેલવી મુશ્કેલ છે. કરોળિયો પોતાની લાળમાંથી આસપાસ જાળ ગૂંથે છે, પછી એ ઉકેલી શકતો નથી. ગૂંથેલી જાળમાંથી એ જેમજેમ છૂટવા પ્રયત્ન કરે છે, તેમતેમ એમાં એ વધારે ને વધારે ફસાતો જાય છે, તેમ તું પણ તારી રચેલી માયાજાળમાં ફસાઈ ન જાય તે માટે સાવધ રહેજે.

## દુ:ખનો મર્મ

તું જ્યારે દુ:ખમાં ઘેરીવળે ત્યારે આટલો વિચાર કરજે: 'એ મને માર્ગદર્શન કરાવવા કેમ નહિ આવ્યું હોય?' કારણ જે જીવનદ્રષ્ટાઓ કહે છે કે - ઠોકરો પણ કો'ક વેળા માર્ગદર્શક હોય છે! દુ:ખ એવે સમયે તને માત્ર આટલી જ શિખામણ આપશે: 'ભાઈ! આ દુ:ખ એટલે તેં કરેલાં કામનું જ પરિણામ છે. તારા અવાજનો જ પડઘો છે.

# મૃત્યુ વેળાએ



દુનિયાના સર્વશ્રેષ્ઠ ધનકુબેરે મૃત્યુશય્યા પર આખરી શ્વાસ લેતા એટલું કહ્યું, "તમને મૃત્યુ તો આવશે જ, પણ તમે કદી મારી માફક મૃત્યુ પામશો નહિ. મેં જીવનમાં કોઈ સત્કર્મની વાવણી કરી નથી. જીવનનો સરવાળો જ મૃત્યુ છે. આ મૃત્યુ મને અકળાવે છે." આટલું કહીને ધનકુબેરે કહ્યું કે તમને એવું મૃત્યુ મળે કે જેમાં કરૂણાભર્યાં મધુર સંસ્મરણો હોય અને સ્નેહભીના પ્રસંગો હોય, જેની યાદથી મરતી વખતે પણ તમારા ચહેરા પર પ્રસન્નતા હોય. આવું મરણ મારા કોટિ વૈભવો કરતાં કરોડો ગણું શ્રેષ્ઠ અને ભવ્ય હશે.

## ગરીબી અને અમીરી

તમારું દિલ ગરીબ છે કે શ્રીમન્ત? બીજાને સુખી જોઈ, તમે જો દુ:ખી થતા હો તો તમે શ્રીમન્ત હો તો પણ તમારું દિલ ગરીબ છે. અને બીજાને સુખી જોઈ, તમે જો ખુશી થતા હો તો તમે ગરીબ હો તો પણ તમારું દિલ શ્રીમન્ત છે; કારણ કે ગરીબી ને અમીરી ધનમાં નથી, મનમાં છે.

# દીપક



શીલ અને શાન્તિનો દીપક જેના હૃદયમાં જલતો છે એવી તેજસ્વી વ્યક્તિઓ જ બીજાના દિલમાં સદા-સર્વદા-સર્વત્ર, ઘર કરી જાય છે. બીજા તો વીજળીના જેવો ક્ષણ-જીવી ચળકાટ પાથરી અન્ધકારમાં અદૃશ્ય બની જાય છે.

## વિચારોનો મેળો

કબાટનાં ખાનામાં નકામી વસ્તુંઓ ઠાંસી ઠાંસીને ભરી રાખી હોય તો પછી એમાં ઉપયોગી અને સુંદર વસ્તુ ગોઠવવા જેટલી જગ્યા રહેતી નથી. અને પરાણે જ્યાં ત્યાં ગોઠવીએ તો એ કચરામાં મૂલ્યવાન વસ્તુ ક્યાંય અટવાઈ જાય, તેમ મગજના ખાનામાં પણ વિકૃત વિચારો ભરાયા પછી સારા વિચારો માટે સ્થાન રહેતું નથી. અને કદાચ કોઈ સુવિચાર સાંભળવામાં આવે તોય તે આ વિચારોની ગડદીમાં અટવાઈ ગયા વિના રહેતો નથી, એટલે વિચાર-ગ્રહણમાં પણ વિવેક જોઈએ.

# બીજ ને ફોતરાં



અનેક વાતોનાં ભાષણો કરનાર કરતાં એક વાતને આચારમાં મૂકનાર વધુ સારો છે. મીઠાઈઓને ગણાવી જનાર કરતાં રોટલાને પીરસનાર વધુ સાચો છે.

## પ્રેરણાનાં પાન

પ્રેરણા, પ્રેમ અને પ્રમોદને દેનારી, ઓ નારી! તું જ જો કેવળ વિલાસનું પાન કરાવીશ તો વીરતાના અમૃતનું પાન કોણ કરાવશે?

## ફરિયાદ

બીજાએ તને શું કહ્યું તે તું યાદ રાખે છે, પણ તેં બીજાને શું કહ્યું તે તને યાદ રહે છે? એ જો તને યાદ રહી જાય તો બીજા શું બોલે છે, એની ફરિયાદ તારા મોઢે કદી નહિ આવે!

# સ્વાતંત્ર્ય



જે સ્વાતંત્ર્ય સંસ્કૃતિની હવાને કલુષિત કરતું હોય તે સ્વાતંત્ર્ય સ્વછંદ બની માનવને અવનતિના માર્ગે લઈ જાય છે.

## પાપનો માર્ગ

પાપ તમાચો નથી મારતું, પરન્તુ માત્ર માણસની બુદ્ધિને જ ફેરવે છે, જેથી માણસ પ્રકાશ ભણી પગલાં ભરવાને બદલે અન્ધકાર ભણી ધસે છે.

## ઉદય અને અસ્ત

આપણા કામો છુપાઈને કરવાં પડતાં હોય તો સમજવું કે આપણે અસ્તાચળ તરફ ધસીએ છીએ, અને આપણા હાથે ઉજ્જવલ કાર્યો થતાં હોય તો સમજવું કે આપણે ઉદયાચળ પર ચઢીએ છીએ.

# સાગરનાં ફીણ



ઐશ્વર્ય ને દારિદ્ર્ય; સુખ ને દુ:ખ, એ તો જીવન-સાગરનાં ફીણ છે, જે મન-તરંગના ઘર્ષણમાંથી જન્મે છે, અને ઘર્ષણાન્તે એમાં જ સમાઈ જાય છે-પણ પ્રેમ અને સેવા એ આપણી કમાણી છે. તે આપણી છાયા બનીને સાથે જીવે છે.

## સંસ્કાર

આપણા જીવન અને વ્યવહારમાં મૈત્રી, પ્રમાણિકતા અને કરુણાના સંસ્કાર હશે તો પરિણામે સંતાનોના કુમળા માનસ પર પણ સુસંસ્કારની છાપ પડશે.

માતા પિતા સુધરે તો સંતાનો પણ સુધરે જ.

## માયાજાળ

સૌમ્ય ને સુખદ દેખાતો શ્રીમન્તોનો આ સંસાર ગરીબો માટે તો ભયંકર ને દુ:ખદ જ છે, એ વાત સામાજિક જીવનમાં કેટલી સુસ્પષ્ટ છે?

# સંપત્તિ



પ્રારંભમાં ક્ષણિક આનન્દને આપનારી, પ્રમાણિકતા વિના મેળવેલી સંપત્તિ જ, અન્તે માનવીને ભયંકર ચિંતા અને વિપત્તિમાં મૂકી વિદાય લે છે.

## સિદ્ધોની દૃષ્ટિ

આખા વિશ્વ પર સિદ્ધ આત્માઓની દૃષ્ટિ પડે છે, એટલે હું પણ એ સિદ્ધોની પવિત્ર દૃષ્ટિમાં વિચરું છું. આ વાત જીવન સમક્ષ રાખી દરેક કર્તવ્ય કરાય તો હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર ને સંગ્રહવૃત્તિ નિર્મૂળ થાય.

## સુપાત્ર દાન

સજ્જન માણસને આપેલી સામાન્ય વસ્તુ પણ ઉત્તમ ફળને આપનારી થાય છે. જેમ ગાયને આપેલું સાધારણ ઘાસ પણ ઉત્તમ દૂધને આપે છે તેમ.

# કાવ્યોત્પત્તિ



સાચી કવિતા એ પ્રયત્નથી રચેલુ માત્ર પદ્ય નથી; પણ કવિહૃદયની વેદના અને અસહાયતાના ઘર્ષણમાંથી જન્મેલા દિલનો એક પવિત્ર ભાવ પ્રવાહ છે !

## ગુપ્તતા

તમારાં ગુપ્ત પાપો કદાચ જગતથી છૂપાં રાખશો, પણ તમારા આરાધ્યદેવ આત્માથી છૂપાં તો નહિ જ રાખી શકો.

## હિમ્મત

પશુબળ વડે નિર્બળોને મારવા એ હિમ્મત નથી, પણ અન્ધ આવેશ ભરેલી હિંસક વૃત્તિ છે. હિમ્મત તો આ બે વાતોમાં વસે છે: પોતે કરેલી ભૂલનો નિર્દોષ ભાવે એકરાર કરવામાં અને થયેલી ભૂલનું જે કાંઈ પરિણામ આવે તે મર્દાનગીપૂર્વક સહન કરવામાં.

## વિનિમય



તેં મને પ્રકાશ આપ્યો; મેં તને પ્રેમ આપ્યો. તેં મને આંખ આપી, મેં તને પાંખ આપી. તેં મને પ્રેરણા આપી, મેં તને કાવ્ય ધર્યું. તેં મને શાન્તિ આપી, મેં તને શાતા આપી. અહીં કોણ આપે છે અને કોણ લે છે? આપે છે તે લે છે અને લે છે તે આપે છે.

## મનની ગુલામી

વ્યસન માનવીને માનસિક રીતે ગુલામ બનાવે છે. વ્યસન માનવીને માટે અનેક રીતે વિપત્તિઓ લાવે છે. સમર્થ સત્તાધીશ હોય કે ગમે તેવો ધનકુબેર હોય પણ જો એ વ્યસનનો ગુલામ બન્યો, તો સામાન્ય માણસ પાસે પણ વ્યસનની માગણી કરતાં શરમાશે નહિ. વખત આવ્યે એની ખુશામત પણ કરશે. આનાથી વધુ કનિષ્ઠ ગુલામી બીજી કઈ હોય શકે?

# ચિન્તનનું મૂલ્ય



સંસારવનમાં મુસીબતના કંટક પર ચાલી પરિશ્રાન્ત બનેલો કોઈ જીવનયાત્રી મને મળશે તો હું, મારા જીવન-ઉપવનમાંથી મેળવેલાં આ ચિન્તનપુષ્પો, એના માર્ગમાં પાથરીશ; ભલે પુષ્પો ચિમળાઈ જશે, પણ એની મીઠી સૌરભથી એ પ્રવાસીને અપૂર્વ શાન્તિ તો મળશે ને! એની શાન્તિ જ મારો આનન્દ બની રહેશે.

## સમય

તમારો સમય કઈ રીતે પસાર થાય છે? એ જો તમે બરાબર નિરીક્ષણ કરી શકતા હો તો, તમારી જિંદગી કઈ રીતે પસાર થશે, તે તમે બરાબર કલ્પી શકો છો; સમય અને જીવન એક વાહનમાં પ્રવાસ કરતાં જોડીયાં છે.

## મહેચ્છા




હું જો કોઈ શુભ ભાવનાઓનું બીજ બની શકું તો સંસારના ક્યારામાં રોપાઈ જાઉં અને એક મહાવૃક્ષ બની, સંસારયાત્રીઓને સદ્ભાવનાનાં મીઠાં ફળ આપું !

## અફસોસ

'અફસોસ' જેવાં દીન શબ્દને કદી ઉચ્ચારશો નહિ. તમારી પ્રગતિને કોઈ રોકતું હોય તો, આ દરિદ્ર શબ્દનું ઉચ્ચારણ જ છે. અફસોસના ઊંડા ખાડામાં અટવાયેલો માનવ ઉન્નતિના મહાન શિખરને કદી પામી શકતો નથી. જિંદગી માટે અફસોસ કરવો એ તો મરેલા પાછળ છાતી કૂટવા જેવું વ્યર્થ છે. હકિકતમાં તો જિંદગીમાં આવતી વિપત્તિઓની વાદળીઓ પાછળ જ સફળતાના સુખનો પ્રકાશ છુપાએલો છે!

# આત્મસૌંદર્ય




જીવન, એ આપણા કર્તવ્યનો પડઘો છે. જીવનના રંગ તો ફરતા છે. આ દુનિયામાં શાશ્વત શું છે? રંગ, રૂપ, ખુમારી, બળ, ઐશ્વર્ય- આ બધું ય બદલાય છે. જીવનનાં રૂપ અને સૌન્દર્ય સંધ્યાના રંગ જેવાં ક્ષણજીવી છે. ખરું સૌન્દર્ય તો આત્માનું છે. સૌન્દર્ય વસ્તુગત નહિ પણ ભાવનાગત છે. ભાવના ભવ્ય હોય તો જ આત્માનું ચિદાનન્દમય સ્વરૂપ સમજાય છે. આવું સ્વરૂપ જેને સમજાય છે, તેને જગતની બીજી કોઈ પણ વસ્તુ આકર્ષી શકતી નથી. એને આત્માના રૂપ અને પરમાત્માના સૌન્દર્યની મસ્તીમાં, કાંઈક અનોખી જ અનુભૂતિ થતી હોય છે.

## જીવન-જનની

જીવન એ અન્ધકાર નથી, પણ પ્રકાશ છે. એની જનની વેરની અમાવાસ્યા નહિ, પણ પ્રેમની પૂર્ણિમા છે!

# જીવનનો ફુગ્ગો



આપણું જીવન ફુગ્ગા જેવું બની ગયું છે. સંપત્તિની હવા ભરાય છે ત્યારે તે ફુલાય છે, અને એ હવા નીકળી જતાં એ ચીમળાઈ જાય છે. પોલાણને દૂર કરવા સંસ્કાર ને જ્ઞાનની હવા એમાં ભરો તો એ સંપત્તિની ગેરહાજરીમાં પણ નક્કર રહેશે.

## અન્ન અને લૂણ

દાન, શિયળ, તપ અને ભાવ- એ માનવ જીવનને ઘડનાર અમોઘ સાધન છે. આમાં દાન, શિયળ અને તપને જો અન્નની ઉપમા અપાતી હોય તો હું ભાવને લૂણની ઉપમા આપીશ. લૂણ વિના અન્ન સ્વાદિષ્ટ ન બને તેમ ભાવ વિના દાન-શિયળ-તપ મધુર અને સાર્થક ન બને.

# અસંતોષાગ્નિ



જગતની દૃષ્ટિએ સુખી દેખાતો માણસ ખરેખર સુખી હોય છે? કારણ કે એનું સુખ રોજનું થઈ ગયું હોય છે, એટલે એ એના ધ્યાનમાં આવતું નથી. એની સુખની કલ્પનાઓ વધારે વિસ્તૃત થતી જતી હોય છે, અને સુખની કલ્પનાઓ જેમ વધારે વિસ્તૃત બનતી જાય છે તેમ એના હૈયામાં અસંતોષ વધતો જાય છે, અને અસંતોષ એ તો પાવકજ્વાળા છે, એ જ્યાં પ્રગટે ત્યાં બાળ્યા વિના રહે જ નહિ!

## પૂર્ણ દૃષ્ટિ

અન્ધ ચિત્રકારે દોરેલી છબી, દેખતા ચિત્રકારે આલેખેલી છબી જેવી સુંદર તો ન જ હોય; તેમ અર્ધજ્ઞાનીએ ભાખેલું વચન, અન્તરદૃષ્ટિથી વિકસેલા જ્ઞાનીના વચન જેવું સૌન્દર્યમય સત્ય ન જ હોય!

# મૂર્તિ



નિરાકારનું જ્ઞાન અને ધ્યાન, નિર્વિકાર અને નિરાકારવૃત્તિવાળા બન્યા પહેલાં થતું નથી. જ્યાં સુધી આપણી વૃત્તિ નિર્વિકાર ન થાય ને સાકાર છે ત્યાં સુધી સાકારમૂર્તિની આવશ્યકતા જ નહિ, પણ અત્યાવશ્યકતા છે.

## ગુરુ-વૈદ્ય

શરીરના રોગને મટાડવા તું વૈદ્યનો આશ્રય લે છે, તેમ આત્માના રોગને મટાડવા જ્ઞાનીનો આશ્રય લે. વૈદ્યના વચન પર વિશ્વાસ રાખી તું જેમ પથ્ય પાળે છે, તેમ ઉત્તમ ગુરુના વચન પર શ્રદ્ધા રાખી સદાચારમય જીવન બનાવ. વૈદ્યના ઉપચારથી જેમ શારીરિક શાન્તિ મળે છે, તેમ ગુરુના વચનથી તને આત્મિક શાન્તિ મળશે. શારીરિક શાન્તિ જેટલી જ આત્મિક શાન્તિ મહત્વની છે. આધ્યાત્મિક શાન્તિ વિના શારીરિક શાન્તિ ક્ષણભંગુર છે.

# વ્યવહાર જડતા



પવિત્ર પ્રેમના અમૃત સરોવરને અવિશ્વાસના માત્ર એક વિષબિન્દુથી વિષસરોવર બનાવનાર ઓ વ્યવહારકુશળ! તું જરા ઊભો રહે, વિચાર કર કે વ્યવહારકુશળ બનવા માટે, તેં તારા આ પુષ્પ જેવા કોમળ હૈયાને કાળમીંઢ પથ્થર જેવું કઠણ બનાવી, પ્રેમમાં જ નહિ, પણ તું તારામાં પણ આત્મશ્રદ્ધા તો ખોઈ નથી બેઠો ને?

## આત્મ-સુધારણા

માણસનું મન પારકાના નાના દોષો પણ ગણ્યા કરે પણ પોતાનો તો મોટો દોષ પણ ન જુએ; પણ આપણે આપણું માનસ બદલી શકીએ કે જેથી આપણને પ્રેરણાદાયક વિચાર આવે: 'મારા દોષો બતાવનાર, મારો ઉપકારી છે. એણે મારા દોષો ન બતાવ્યા હોત તો હું મારી ભૂલનો સુધારો કેમ કરત?' લોકમાનસને કદાચ આપણે ન સુધારી શકીએ, પણ આપણે આપણું માનસ સુધારવા તો સ્વતંત્ર છીએ ને?

# કવિતા



વાસનાની વાણીમાંથી જન્મેલી કવિતા, સર્જન સાથે જ વિસર્જન પામે છે.

ક્ષણિક આવેશમાંથી ઉદભવેલી કવિતા, જન્મીને મૃત્યુ પામે છે.

સંયમ અને કરુણાભર્યા દીર્ઘ ચિન્તનમાંથી પ્રભવેલી કવિતા જ અમર રહે છે.


## પાપ

વિકારી-વૃત્તિથી કરાએલી મૈત્રીને પ્રેમ કહી સંબોધવા જેવું પાપ બીજું કયું હોઈ શકે?

## પ્રગતિ

આત્મ-ભાન સતેજ કર્યા વિના પ્રગતિ સાધનાર ધનની પ્રગતિ સાધી શકશે, જીવનની તો નહિ જ!

# નારી




ભગવાનની પહેલી ઓળખ કરાવનાર માં એ નારી છે. જીવનના ભોગે પણ બળાત્કારનો સામનો કરી શીયળની સુગન્ધ જાળવનારી નારી છે. એટલે જ આર્યોએ નારીને પૂજી છે : ધનતેરશના દિવસે લક્ષ્મીના રૂપે, ચૌદશની રાતે શક્તિ રૂપે, દિવાળીના પર્વમાં જીવનની સમજ આપનાર શારદા રૂપે. નારી માનવની સર્જક છે. પ્રેમની પોષક છે અને હૈયાનાં હેત પાઈ માણસમાંથી માનવ બનાવનાર પણ નારી જ છે.

નારીની સંસ્કારિતા અને ગૌરવ એ સમાજ અને સંસારનાં સંસ્કાર અને ગૌરવ છે.

## મૃગતૃષ્ણા

વિલાસની રંગીલી પ્યાલીમાંથી અખંડ આનન્દનું અમૃતપાન કરવાની કામના સેવતો માનવી માનસિક ભ્રમણાઓમાં જીવે છે.

# યોગ્યતા



તમારામાં સદ્‌ગુણની સુવાસ છે, તો એ સુવાસ માટે કોઈનો અભિપ્રાય પૂછવાની શી જરૂર? જીવનની સુવાસ જ, સામા માણસને પ્રસન્ન કરશે. પુષ્પો ભમરાઓને કદી કહે છે ખરા કે અમારી સુવાસના તમે ગુણગાન કરો!

## સુવાસ

મૂલ્ય માણસાઈનાં છે. માણસાઈ વિનાનો માણસ સુગન્ધ વિનાનાં કાગળના ફૂલ જેવો છે.

## દાનેશ્વર

થોડાક પૈસા ખર્ચનાર જગતમાં દાતા તરીકે પંકાય છે, પણ જીવનનું સર્વસ્વ અર્પનાર તો કેટલાય અનામી અણપ્રિછ્યા જ રહ્યા છે!

# હાસ્યરંગ



અશ્રુ પછીનું હાસ્ય રંગીલું હાસ્ય હોય છે. હાસ્ય પછીનું હાસ્ય ઘણીવાર કેટલું ફિક્કું હોય છે!


## મૂલ્યો

માનવી જ્યારે માનવતાના મૂલ્યો ગુમાવે છે ત્યારે એ ધર્મને બદલે ધનનું શરણું લે છે. શાંતિને બદલે સત્તાનો રસ્તો લે છે. વિદ્વત્તાને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન અને સ્વાગત કરે છે.

## વિચાર

મનના ગુપ્તમાં ગુપ્ત વિચાર-તરંગને પણ પવિત્ર રાખવા જોઈએ, એમાં અલ્પ પણ હિંસા કે ધિક્કારનો અંશ ભળતાં એ અપવિત્ર બને છે. વાણી અને વર્તન વિચારનાં જ સંતાન છે. અને એ પોતાના સંસ્કાર લઈને જ જન્મે છે. માતા પિતા અપવિત્ર હોય તો પુત્ર-પુત્રી પવિત્ર ક્યાંથી સંભવે?

# નકલ




કિંમતી વસ્તુની નકલ હમેશાં થાય છે. નાચીજ વસ્તુની નકલ કદી થતી નથી. સોનાની નકલ રોલ્ડગોલ્ડ અને સાચા મોતીની નકલ કલચર થાય છે; પણ ધૂળની નકલ કોઈ કરતું નથી. તેમ ધર્મ પણ કીમતી છે એટલે એની નકલો ઘણી થાય છે. માટે ધર્મના અર્થીએ સાવધાન અને પરીક્ષક બનવાની જરૂર છે.

## સારું તે મારું

જૂનું એટલું સારું અને નવું એટલું ખરાબ-- આ વિચાર સંકુચિત વૃત્તિમાંથી જન્મેલો છે; નવું એટલું સારું ને જૂનું એટલું ખરાબ- આ વિચાર છીછરા વાંચનમાંથી ઉદ્‌ભવેલો છે; પરન્તુ વિશાળ-વાંચન અને ઊંડા ચિંતનમાંથી ઉત્પન્ન થએલો વિચાર તો આટલો જ હોઈ શકે કે-નવા કે જૂનાને મહત્વ આપ્યા વિના, એ બેમાં જે સારું તે મારું! સત્ય અને સુંદરનો સ્વીકાર.

# સાચો વિજય



સમરાંગણનો વિજયી એ સાચો વિજયી નહિ, પણ સમજ અને સંયમથી ઈન્દ્રિયો પર વિજય મેળવનાર જ સાચો વિજયી. દુનિયાને જીતવી સહેલી છે; દુનિયાને જીતવામાં વેર અને હિંસા છે. ઈન્દ્રિયોને જિતવામાં આત્મપ્રેમ અને જીવન પ્રતિ આદર છે.


**મૂલ્ય**

માનવ જીવનનો જેટલો સમય વસ્તુઓના સંગ્રહમાં અને એની ચિન્તામાં જાય છે, એનો પા ભાગ પણ પોતે કોણ છે અને શું કરે છે તેના ચિન્તનમાં જાય તો પોતાનું ને એના સમાગમમાં આવનારનું કેટલું બધું કલ્યાણ થાય!

**ઝંખના**

સત્ય, કલ્યાણ અને સૌન્દર્યના દર્શનમાંથી ઉદ્ભવેલી ભાવોર્મિને અખંડ રીતે કાવ્યમાં ઝીલવા કવિના ઊર્મિલ હૃદયની ઝંખના હોય છે.

# વિજ્ઞાન



આજના વિજ્ઞાને માનવ-સેવાને બદલે માનવ-સંહારનું કાર્ય વધારે કર્યું છે, એટલે આ યુગમાં વિજ્ઞાનનો અર્થ વિશેષ જ્ઞાન નહિ, પણ જ્ઞાનનો વિનિપાત કર્યો છે!

## જોનાર કોણ?

આત્મા જ આત્માનો આશક અને માશુક છે! અરીસામાં પોતાને જોતાં જોતાં જોનાર કોણ છે એનું દર્શન થતાં આ રહસ્ય ધ્યાનમાં આવશે.

## વૈભવની અસ્થિરતા

જે કાર્ય આ યૌવન અવસ્થામાં કરવાનું છે એને વિસરીને જેઓ પોતાના યૌવન અને વૈભવને પોતાના જીવન પર્યંત સ્થિર માને છે, તેઓ સન્ધ્યાની રંગીલી વાદળીની રંગલીલાને સ્થાયી માનવાના ભ્રમમાં તો નથી ને?

# માણસનું ઝેર



'સર્પ ઝેરી છે, માટે એ ભયંકર છે; એથી ચેતતા રહેજો' એમ કહેનારને, એટલું કહેજો કે, સાથે આટલું ઉમેરતો જા: 'માણસ માનવતા ભૂલે તો એ મીઠો હોવા છતાં વધુ ભયંકર છે; ઝેરી સર્પ તો ભયથી બચવા અજ્ઞાનતાથી કરડે છે પણ માનવતા વિહોણો મીઠો માણસ તો વિશ્વાસમાં લઈને જાણી બૂઝીને કરડે છે. સર્પથી ચેતી શકાય છે. માત્ર મારવાના પ્રકારમાં જ ફેર છે, પરિણામ તો બન્નેનું સરખું જ છે.

## નિષ્ફળતાનાં મૂલ્ય

ઓ મારા જીવનની નિષ્ફળતા! તને કયા પ્રેમભર્યા સંબોધનથી સંબોધું? તું આવી હતી રડાવવા, પણ જાય છે બળવાન બનાવીને. તું મારા ભણી ડગલાં ભરતી હતી હસીને, પણ વિદાય લે છે નિરાશ થઈને! આવજે, આવજે; ઓ મારા જીવનની નિષ્ફળતા! વળી કો'ક વાર નિષ્ફળ થવાનું મન થાય તો ચાલી આવજે. મારા દ્વાર તારા માટે ખુલ્લાં છે.

# ચેતવણી




## જ્ઞાની કોણ?

બોલનાર અભણ હોય તો એનો અર્થ નથી સમજાતો. બોલનાર અતિ ભણેલો હોય તો એનો મર્મ નથી સમજાતો; કારણ અભણ પોતે શું બોલે છે એ પોતે જ નથી સમજતો, જ્યારે અતિ ભણેલા પોતાનું બોલવું સભા સમજે છે કે નહિ, એ નથી વિચારતો. આ જ કારણે દુનિયા કેટલીક વાર ભૂલ કરે છે. ભણેલાને પાગલ કહે છે, ને પાગલને તત્ત્વચિંતક-પણ કહે છે! બીજાને સમજે તે જ્ઞાની.

## મહાન

કોઈએ કરેલા ઉપકારની કદર કરે એ માણસ છે. અપરિચિત પર ઉપકાર કરે એ સજ્જન છે; પણ અપકાર કરનાર ઉપર ઉપકારે કરે એ મહામાનવ છે.

# હાથીની મસ્તી




વિચાર આવે છે: હાથી પોતાની ગતિ અને રીતીમાં ચાલ્યો જાય છે. એની ઊંચાઈ જોઈ કૂતરાં ભસે જ જાય છે. હાથી એની ચિન્તા નથી કરતો તો માણસ પોતાની ટીકા કે નિન્દા સાંભળી એટલો દુ:ખી કેમ થાય છે? એ પોતાના અંતરના અવાજની પ્રેરણાથી કેમ નથી જીવતો? બીજાનાં અભિપ્રાય અને વખાણ સાંભળવા શક્તિ અને સમય શાને ખર્ચે છે ?

## દર્શનાનન્દ

પોતાના પ્રિયતમની છબી જોઈ જેમ પ્રેમીનું હૈયું પ્રેમથી નાચી ઊઠે છે, તેમ ભક્તનું હૃદય પણ વીતરાગ પ્રભુની મૂર્તિથી પ્રેરણા મેળવી આનન્દથી નિર્મળ બની નાચી ઊઠે છે !

# પ્રતિબિંબ



ક્રોધની સામે ક્રોધ કરવો એનો અર્થ એ કે એક ગાંડાની સામે, આપણી જાતને પણ જાણી જોઈને પાગલ કરવી.

## સેવક ને વક્તા

ઓછું બોલે ને વધારે કાર્ય કરે, તે સેવક! વધારે બોલે ને ઓછું કાર્ય કરે, તે વક્તા. એનો અર્થ એ જ કે જેની જીભ નાની તેનું કામ મોટું અને જેની જીભ મોટી તેનું કામ નાનું.

## પ્રેમનો ઉચ્ચાર

શબ્દ ઈશ્વરના જેટલો જ પવિત્ર ને મહાન છે. પ્રેમ પણ શબ્દના જેટલો જ પવિત્ર ને મહાન છે-- આ બે વિચારધારા અખંડ રીતે જીવનમાં વહેતી હોય તો માનવી, પ્રેમના શબ્દને કેટલો પવિત્ર ને મહાન ગણે!

# દુર્જનતા



આંખ સુંદર છે. એ બધાને જુએ, પણ એ પોતાને દર્પણની મદદ વિના જોઈ શકતી નથી. માણસ બધાને જાણવાનો દાવો કરે છે પણ પોતાને ધ્યાન દ્વારા જાણી શકે છે.

## હવે તો જાગો!

ક્રોધનો સન્નિપાત શું કે માનનો મહાગિરિ શું; માયાનું તાંડવ શું કે લોભની અપાર ગર્તા શું;- એ સૌ મોહની રૂપાન્તર પામેલી લીલા જ છે, માટે આત્મન! ચેત!

## બળેલો બાળે

જેનું જીવન ધૂળ થયું છે તે ઘણાનાં જીવન ધૂળ કરે છે. ઘણાને બચાવવા હોય તો એવા દાઝેલાને બચાવો, નહિતર એ એક બળેલો કદાચ અનેકને બાળશે.

# આંસુ




આંસુનું મૂલ્ય હાસ્યના મૂલ્ય કરતાં જરા પણ અલ્પ આંકીશ નહિ. ઘણી વખત જીવનમાં, એક પળનું રુદન વર્ષોના હાસ્ય કરતાં મહાન હોઈ શકે. બેપરવાઈભર્યા હાસ્યથી ગુમાવેલુ જીવનસત્વ, પશ્ચાત્તાપના અશ્રુબિંદુથી મેળવી શકાય છે. આ દૃષ્ટિએ આંસુ કેટલું અમૂલ્ય છે!

## પરિપક્વ જ્ઞાન

એકાન્તમાં પ્રલોભનકારી વિષયો મળવા છતાં તમારી ઈન્દ્રિયો શાન્ત રહે, એ તરફ લોભાય નહિ, તો જાણજો કે તમારું જ્ઞાન પરિપક્વ છે.

# મૌન



મૌન એ મહાશક્તિ છે. એ પરા વાણી છે. મૌનથી, વિખરાયેલી શક્તિઓ કેન્દ્રિત થાય છે અને તે સંચિત થતા વાણીમાં ચિન્તનનું અપૂર્વ બળ પ્રગટે છે. આથી મૌન એ વાચાને ઓજસ્વી અને કલ્યાણકારી બનાવવાનું અમોઘ સાધન છે. મૌન ધારણ કરનારની વાણી અન્યને આનંદદાયી તો હોય છે, પરંતુ વ્યક્તિને પોતાને પણ અનેરો આનંદ આપે છે. આ હકીકત મૌન નહિ સેવનાર સમજી નહિ શકે. જે મૌન સેવે છે તેને આ સત્યનો સાક્ષાત અનુભવ હોય છે અને આથી જ વકતા બનવા ઈચ્છતા યુવાનોને હું કહું છું કે વાણીમાં મૌન અને ચિન્તનનું તેજ પૂરો તો વાણી સ્વ-પર કલ્યાણકારી થશે.

## પશુ અને માનવ

પશુ અને માનવમાં માત્ર એટલો ફરક છે : દંડના ભયથી પ્રેરિત થઈને કાર્ય કરે તે પશુ. અને કર્તવ્યની પ્રેરણાથી કામ કરે તે માનવ.

# વાત્સલ્ય ભાવ



તું મને વાત્સલ્યનો અર્થ પૂછે છે? આમ જો તાજા જ જન્મેલા પોતાના શિશુને મૂકીને શિકારીના બાણથી ઘાયલ થયેલી હરણીની આંખમાં એ નિરાધાર બચ્ચા માટે જે વેદના મિશ્રિત અનેક સંવેદના પ્રગટે છે એવી સંવેદના જગતના નિરાધાર જીવો માટે હોય તેવો ભાવ તે વાત્સલ્યભાવ.

## ભિન્ન અનુભવ

એણે કહ્યું: 'આ તો મેં આનંદ માટે નિર્દોષ ભાવે જ આ કામ કર્યું હતું. એનું પાપ મને ન લાગે.'

મેં કહ્યું: 'તેં આનંદ માટે નિર્દોષ ભાવે ઝેર પીધું નથી, એટલે જ તું મને ઉત્તર આપી શકે છે!'

## પ્રતિજ્ઞા



એ દિવસ તું કેમ ભૂલી ગયો ! જ્યારે તારું શરીર રોગોથી ઘેરાઈ ગયું હતું ને પલંગમાં પડ્યો પડ્યો તું આ રીતે ગણગણતો હતો: 'હે ભગવાન! હું સાજો થઈશ એટલે એક પણ ખરાબ કામ નહિ કરું, પ્રમાણિક જીવન જીવીશ, પરોપકાર કરીશ; ધર્મની આરાધના કરીશ, સદાચાર ને સદવિચારમાં જિંદગી વ્યતીત કરીશ.' અને આજે તું સાજો થયો એટલે એ પ્રાર્થનાને સાવ વીસરી ગયો? ભલા માનવ! આના જેવું બેવફાઈપણું બીજું કયું હોઈ શકે? પણ હજુ કંઈ મોડું થયું નથી. સુધારી લે.

## સમર્પણ

જીવોની સુખ શાન્તિ માટે પોતાની જાત અને જીવનને સેવામાં ઘસી નાખનાર મનુષ્ય ખુદ ઘસાતો નથી, બલ્કે પૃથ્વી પર ચંદનની જેમ શીતળતાનું સ્વર્ગ ઊભું કરે છે.

# વિવેક



સંધ્યાના રંગ જોઈ જીવનના રંગનો ખ્યાલ આવે છે. ચિમળાયેલ ફૂલને જોઈ યૌવન પછીના વાર્ધક્યનો અને જીવન પછીના મરણનો વિચાર આવે છે.

## ઉપયોગ

નયનને કહો કે જ્યાં જ્યાં તારી નજર પડે ત્યાં ત્યાંથી ઊંડું સત્ય શોધજે. કાનને કહો કે જે જે સાંભળે તેમાંથી ઊંડો બોધપાઠ લેજે. વાણીને કહો કે જે જે ઉચ્ચારે તેમાંથી સત્ય ટપકાવજે. કાયાને કહો કે જ્યાં જ્યાં તું હાજરી આપે ત્યાં ત્યાં સેવાની સૌરભ પ્રસરાવજે.

## સુગંધ વિનાનું ધન

અયોગ્યને માન આપતા જોયા. યોગ્યની ઉપેક્ષા થતી જોઈ, વિચાર આવ્યો: અનીતિના ધને માણસને કેવો બદલી નાખ્યો છે!

# ધ્યેયહીન




સાગર કિનારે હું બેઠો હતો. અનન્ત જળરાશી પર ડોલતી એક નૌકા પર મારી નજર પડી. ધ્યેયહીન ડોલતી નૌકા જોઈ મને જીવન સાંભરી આવ્યું ! જીવન પણ નૌકા જેવું છે ને? બંદરનો નિર્ણય કર્યા વિના જે નૌકા લંગર ઉપાડે છે, અને અનંત સાગરમાં ઝંપલાવે છે, તેના માટે વિનાશ નિશ્ચિત જ છે; તેમ ધ્યેયનો નિર્ણય કર્યા વિના સંસાર સાગરમાં જીવન-નાવને વહેતું મૂકનાર વિનાશ નોતરે છે.

## મૃત્યુની વિદાય

મૃત્યુ એ પ્રકૃતિ છે. જન્મ એ વિકૃતિ છે. જન્મે છે તે મરે જ છે, પણ મરે છે તે બધા જ થોડા જન્મે છે? મરવું એવું કે જેમાં મરણ મરી જાય.

# અનુભવ



તમે મને મારા જીવનપંથના અનુભવોનું વર્ણન કરવા વિનવો છો અને એમાંથી પ્રેરણા મેળવી, તમે તમારા જીવનની સમસ્યાઓને ઉકેલવા માંગો છો? તો જરા ઊભા રહો; મારા અનુભવોમાંનો સાર આ છે કે પારકાનો ભાડૂતી અનુભવ તરવામાં કામ નથી લાગતો. પોતે જ તરવાનું છે. જીવનપંથમાં આગળ વધવાના માર્ગો બે જ છે:- પૂર્ણ સંયમ અને આત્મજાગૃતિ!

## ચારિત્ર્યની સૌરભ

નિર્મળ ચરિત્ર એ ગુલાબનું અત્તર છે. એ તમારી પાસે હશે તો એ જેમ તમને આનંદ આપશે, તેમ તમારી નિકટમાં વસતા માનવોને પણ સુવાસ આપશે.

# ફૂલનાં આંસુ




રડી પડેલા પુષ્પને મેં પૂછ્યું: સોહામણા ફૂલ! વિદાય વેળાએ આ આંસુ શાનાં?

વિષાદમાં એણે ઉત્તર આપ્યો: કોઈ બિમારને શાતા આપવાનું સૌભાગ્ય તો ન મળ્યુ પણ અનીતિના ધનથી ખોટા ધનવાન બનેલા અને હોદ્દાનો દુરુપયોગ કરી ગરીબોના શોષણમાં વધારો કરતાં સત્તાધિશોના ગળાનો હાર બનવાનું દુર્ભાગ્ય મળ્યું એટલે આંખમાં આંસુ ધસી આવ્યા!

## વિસંવાદ

આ ચિત્ર જોયું ત્યારે આશ્ચર્ય થયેલું: માણસ મોટો હતો અને મન ટૂંકું હતું; જીભ લાંબી હતી ને કામ નાનું હતું; એની પ્રતિષ્ઠા બહુ હતી અને જીવન ક્ષુદ્ર હતું!

# પ્રેમ અને મોહ




સમષ્ટિગત જીવનના સુખની ભાવનામાંથી જન્મેલા પરમાર્થી સંબંધનું નામ પ્રેમ. વ્યક્તિગત જીવનના સુખની કલ્પનામાંથી પ્રગટેલા સ્વાર્થી સંબંધનું નામ મોહ. પ્રેમનાં ઉજ્જવળ કિરણો સામા માણસના બિડાઈ ગયેલા હૃદયકમળને પણ વિકસાવે છે, ત્યારે મોહનાં કિરણો માનવીના હૈયાંને પણ સંકુચિત બનાવે છે, આથી જ પ્રેમને પ્રકાશ અને મોહને અંધકાર કહે છે.

## શક્તિહીનની આઝાદી

શક્તિહીન માનવને મળેલી ધાતુની ભસ્મ અને વાનરને પ્રાપ્ત થયેલી તલવાર જેમ તેનાં જ નુકશાનનું કારણ થાય છે, તેમ વીર્યહીન પ્રજાને મળેલી આઝાદી પણ તેના પોતાના જ પતનનું કારણ થાય છે.

# કાતર અને સોય



છે તો બન્ને લોખંડનાં જ: કાતર પણ ગજવેલની અને સોય પણ ગજવેલની- પણ કાતર એકના બે કરે છે; જ્યારે સોય બેનાં એક કરે છે. એટલે જ દરજી કાપનાર કાતરને પગ નીચે રાખે છે અને જોડનાર સોયને જાળવીને માથાની ટોપી ઉપર ગોઠવે છે.

## વાણીનું વ્યક્તિત્વ

ઘણા માણસો પોતાને બોલતાં આવડે છે એમ બતાવવા જતાં, પોતાને બોલતાં નથી આવડતું એ સિદ્ધ કરી આપે છે.

## આંસુનો મહિમા

પશ્ચાત્તાપનાં આંસુ પાડ્યા વિના એક પણ સંત ઊર્ધ્વગામી બન્યો હોય તો ઈતિહાસમાંથી શોધી કાઢજો.

# શિશુપદ



મેં વળી ક્યારે કહ્યું હતું કે પ્રૌઢત્વ મને પ્રિય નથી અને વાર્ધક્ય વેઠવું મને પસંદ નથી? હું તો કહું છું કે પ્રતાપી પ્રૌઢત્વ પણ આવજો ને શાણું વાર્ધક્ય પણ આવજો; પણ મારું કહેવું તો એટલું જ છે કે મારા શૈશવનો ભાવ ન જશો,- જે મસ્ત શૈશવ ગરીબ અને શ્રીમંતના ભેદને પિછાણતું નથી, ફૂલ જેવા નિર્દોષ હાસ્યને તજતું નથી, બૂરું કરનારને પણ દાઢમાં રાખતું નથી, હૈયાની વાતને માયાના રંગથી રંગતું નથી- એવું મધુરું શૈશવ, જીવનની છેલ્લી પળે પણ ના જશો! સમ્રાટપદ કરતાં શિશુપદની કિંમત મારે મન ઘણી છે.

## પ્રેમનું દર્શન

પ્રેમને કપટ રહિત સર્વસ્વ ધર્યા વિના એ પોતાના સૌંદર્યમય ચહેરાનું દર્શન કોઈનેય આપતો જ નથી.

# સંયમ કે જડતા?



સંયમ એ તો કલ્પના અને ભાવોર્મિને નવપલ્લવિત રાખનાર નિર્મળ નીર છે. સંયમથી કલ્પનાનાં વૃક્ષો અને ભાવોર્મિની વેલડીઓ જો સુકાઈ જતી હોય તો માનજો એ સંયમ નથી, પણ સંયમના આકર્ષક વસ્ત્રોમાં સજ્જ બનેલી જડતા છે.

જ્યાં સંયમના નામે જડતાની પૂજા થાય ત્યાં કુસંપના ભડકા થાય તેમાં નવાઈ શું?

## પૂર્ણતાનો પ્રભાવ

પોતાના ક્ષેત્રમાં મનુષ્ય સંપૂર્ણ અને સમર્થ હોય તો તે વિશ્વના ગમે તે સ્થાનમાં સંપૂર્ણ અને સમર્થ બની શકે છે. આપણા કર્તવ્યમાં સંપૂર્ણતાનું મધુર સંગીત ભરી દઈશું, તો તે ચારે બાજુ ગુંજી ઊઠશે અને જીવનના પ્રત્યેક અંગને પોતાની મધુરતાથી છલકાવી દેશે!

# વાદળી




વર્ષાની એક માઝમ રાતે વરસતી વાદળીને મેં પૂછ્યું: 'કાં અલી? આટલી ગર્જના કેમ કરે છે? કાંઈક ધીરી ધીરી વરસને !'

વરસતી વાદળીએ મુક્ત હાસ્યમાં સંકેત કર્યો: 'અમને પીવા છતાં તારામાં અમારો ગુણ ન આવ્યો એટલે ભલા માનવી ! મારે તને ચેતવવો પડ્યો. અમે સાગરનાં ખારાં પાણી પીને પણ ચોમાસામાં મીઠી જળધારાઓ વરસાવીએં છીએ, ત્યારે તું અમારાં મીઠાં જળ પીનેય કડવી વાણીનાં વારિ ટપકાવે છે. એટલે કહેવા આવી છું કે કડવા ઘૂંટડા હૈયામાં ઉતારી જગતને અમૃત આપજે.

## પ્રજ્ઞ શત્રુ

શત્રુ ન જ કરવો એ સારું છે, પણ અજ્ઞને મિત્ર કરી જીવન બગાડવું એના કરતાં, પ્રજ્ઞ શત્રુથી જીવનમાં સાવધાન રહેવું શું ખોટું?

## અણુ



વસ્તુ નાની છે એટલે એની કિંમત તમારે મન કાંઈ જ નથી? પણ એક નજર તો અહીં નાખો! આ નાનકડા આગના તણખાએ આખા ગામને રાખની ઢગલીમાં ફેરવી નાંખ્યું. આ નાનકડા મચ્છરે પેલા મહાકાય કુંજરને મીણ કરી દીધો. આ નાનકડા છિદ્રે મહાનૌકાને સાગરમાં જળસમાધિ લેવરાવી. આ નાનકડા બીજે વડ બની આ દીવાલને પણ ચીરી નાંખી. આ નાનાશા અણુઓના બોમ્બે જગત આખાને ધ્રુજાવી દીધું. છતાં નાની વસ્તુનું મૂલ્ય તમારે મન કાંઈ જ નથી? તો પછી તમને હવે અરૂપી એવો આત્મા પણ સમજાઈ રહ્યો!

## સમર્પણનો જય

જગત, માનપત્ર લેનારાઓ ઉપર નહિ, પણ મૌન-ભાવે કર્તવ્યો કરનાર ઉપર ચાલે છે. તેઓનાં મૂક બલિદાનો ઉપર જ જગત ટકી રહ્યું છે. મકાન ચૂનાના વ્હાઈટવૉશ ઉપર નહિ, પાયાના પથ્થર અને ઈંટોના આધારે ટકે છે.

# માનવતા



માનવતા આ રહી. પેલો પોતાના એકના એક રોટલાના ટુકડામાંથી ભૂખ્યા પડોશીને અર્ધો ભાગ આપી, શેષ સંતોષથી ખાઈ રહ્યો છે ને? માનવતા એના હૈયામાં સંતોષથી પોઢી છે.

દાનવતા? એ પણ આ રહી. પેલો બંને હાથમાં બે રોટલા હોવા છતાં પેલા ગરીબના રોટલા ઉપર તરાપ મારવા તીરછી આંખે જોઈ રહ્યો છે ને? દાનવતા એની આંખમાં તાંડવ-નૃત્ય કરી રહી છે!

## કારણ વિના કાર્ય!

માણસને ધર્મથી મળતું સુખ જોઈએ છે પણ ધર્મ આચરવો નથી. અધર્મથી મળતું દુઃખ જોઈતું નથી પણ અધર્મને છોડવો નથી- આ સંયોગોમાં સુખ કેમ મળે અને દુઃખ કેમ ટળે? કાંટા પાથરીને ગુલાબની લહેજત લેવી છે !

# શિયળહીન




ચારિત્રહીન માણસને ખસથી પીડાતા શ્વાનની જેમ ક્યાંય ચેન કે પ્રેમ ન મળે. ધન કે સત્તાના કારણે કોઈ એને લાલસાથી સત્કારે, પણ પ્રેમથી તો નહિ જ.

## સેવા અને પ્રશંસા

સેવા અને કર્તવ્યનો પ્રચાર કરવાની કે પ્રગટ કરવાની ભાવના જ્યારે સેવકના મનમાં જાગે છે, ત્યારે કરેલું કાર્ય સુકાતું જાય છે, અને પ્રશંસા મેળવવાની ચળ વધતી જાય છે. એ જ એના લપસવાનું પ્રથમ પગથિયું બને છે! જીવનના દરેક કાર્યમાં આપણી કર્તવ્ય-બુદ્ધિ જાગવી જોઈએ. કર્તવ્યની વન-કેડી વટાવવી બહુ મુશ્કેલ છે, એની અંદર અભિમાન-ગર્વનું વાવાઝોડું ચારે તરફ વાતું જ હોય છે, તેની સામે તો કોઈ વિરલ જ ટકી શકે!

# ક્રાન્તિ



ક્રાન્તિ થઈ રહી છે; માનવતાનો ધરમૂળથી ફેરફાર થઈ રહ્યો છે. શોષણથી માનવતાને દૂર ફગાવી ઝડપથી, યુદ્ધ તરફ ધસવું એનું નામ ક્રાન્તિ? માણસ આજે બાહ્ય દૃષ્ટિએ બે ડગલાં આગળ દેખાય છે, પણ આંતરિક દૃષ્ટિએ તો એ ચાર ડગલાં પાછળ પડી રહ્યો છે અને તેથી જ એક ઠેકાણે અન્નકૂટ દેખાય છે, ત્યારે બીજી બાજુ અનાથ માનવ અન્ન વિના રિબાઈ રિબાઈને મરી રહ્યો છે... રે ક્રાન્તિ!

## સંબંધ


જીવનના પ્રવાસમાં કેટલાંક સંબંધ લાંબા હોય છે, પણ તેને સહેતાં સહેતાં જીવન ટૂંકાઈ જાય છે અને હૃદય સૂકાઈ જાય છે. જ્યારે કેટલાંક સંબંધ ટૂંકા હોય છે, પણ એની સ્મૃતિ તન મનને આનન્દથી ભરી દે છે.

# ભાવના



પ્રાણી માત્રના જીવનમાં ભાવના અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. એટલા જ માટે ચિન્તકો માણસના સ્થૂલ કાર્યને નથી જોતા, પણ એની પાછળ કામ કરતી સૂક્ષ્મ ભાવનાને અવલોકે છે. કાર્ય એક જ હોય છતાં ભાવના ભિન્ન હોય તો પરિણામ જુદું જ આવે. બિલાડી જે દાંતથી પોતાના બચ્ચાને પકડે છે, એ જ દાંતથી ઉંદરને પણ પકડે છે; પણ એમાં અંતર આકાશ અને પાતાળનું છે. એકમાં રક્ષણની ભાવના છે; બીજામાં ભક્ષણની. એકમાં વહાલ છે, બીજામાં વિનાશ!

# સાક્ષાત્



હે માનવ ! તું બહાર શું શોધે છે? અંદર આવ. જેને તું પાપાત્મા કહી ધિક્કારે છે, અને જેનાથી તું દૂર ભાગે છે, તે તારા હૃદયમંદિરના વામ ખંડમાં સંતાયેલો છે: જેને તું પુણ્યાત્મા કહી પૂજે છે ને જેના સાન્નિધ્ય માટે તું ઝંખે છે, તે તારા હૃદયમંદિરનાં જમણા ખંડમાં પોઢે છે. માટે કર વાત્સલ્યનો નાદ! જેને શોધે છે, એ તારી સામે સાક્ષાત્ ખડો થશે.

## ત્યાગી અને ગૃહસ્થ

તજવા માટે ખાવું-આ આદર્શ સાધુનો હોય અને તજીને ખાવું- આ આદર્શ ગૃહસ્થનો હોય; આ આદર્શને કેન્દ્રમાં રાખી સાધુ અને ગૃહસ્થ જીવન જીવે તો સંન્યાસાશ્રમ જ્ઞાનની પરબ બને અને ગૃહસ્થાશ્રમ સેવાગૃહ બને.

# દીન નહિ



ઓ મારા ભાગ્ય ! મેં તને ક્યારે કહ્યું હતું કે તું મને આંસુ આપીશ નહિ? મેં તો એટલું કહ્યું હતું કે દંભના કે શોકનાં અપવિત્ર આંસુ આપીશ નહિ. આપે તો પ્રેમનાં, કરુણાનાં કે સહાનુભૂતિનાં પુનિત આંસુ આપજે. તને ફરી આજ પણ કહું છું કે તું મને દરિદ્ર બનાવજે ભલે પણ મારું કહેવું એટલું જ છે કે મને માણસાઈ વિહોણો કે દીન ન બનાવીશ.

## પથિક

માર્ગ હર્યો-ભર્યો છે, સરળ છે, એમ જાણીને હે પથિક! પંથ ખેડીશ નહિ. એમ જાણીને પ્રવાસ ખેડનાર પથિક કંટક અને તાપ આવતાં નિરાશ થઈ થંભી જાય છે; માટે માર્ગ વિકટ ને તાપથી છવાયેલો છે, એમ જાણીને હિમ્મતપૂર્વક પ્રવાસ ખેડીશ, તો હર્યો-ભર્યો માર્ગ આવતાં શાન્તિ ને વિશ્રામ; ઉત્સાહ ને આનન્દ મળશે !

# સંયમની પૂજારણ



દેવમાં સંયમની ઉજળી ભાવનાને પ્રતિષ્ઠિત કરીને જ નારી દેવને પૂજે છે. નારીની આરતીમાં અખંડ શિખાએ જલતી જ્યોત એ સંયમનું જ પ્રતીક છે, એટલે નારી ખરી રીતે દેવની આરતી નથી ઉતારતી પણ સંયમની જ આરતી ઉતારે છે. સંયમના ચરણોમાં શ્રદ્ધાથી નમન કરતી નારીને દેવની પૂજારણ કહેવા કરતાં સંયમની પૂજારણ કહેવામાં નારીનું ઔચિત્ય અને ગૌરવ બન્ને જળવાય છે.

## મનની ગતિ

હથેળીથી ચન્દ્રલોકને સ્પર્શ કરનાર અને પગની એડીથી સાગરના તળિયાને ખૂંદનાર માનવી કદાચ વિશ્વનાં સર્વ તત્ત્વોને સમજી શકશે, પણ એ નહિ સમજી શકે માત્ર એક પોતાના મનને ! મન તો સમજાશે ધ્યાનથી અને સમ્યગ્ જ્ઞાનથી.

# સંગનો રંગ



ગટરનું અપવિત્ર જળ ગંગાના પ્રવાહમાં ભળે તો એ ગંગાજળ કહેવાય; જ્યારે ગંગાનું પવિત્ર જળ પણ ગટરમાં ભળે તો એ ગટરનું ગંદું પાણી કહેવાય, તેમ દુર્જન, સજ્જનોમાં ભળે તો એ દુર્જન પણ ધીમે ધીમે સજ્જનમાં ખપે અને સજ્જન, દુર્જન સાથે વસે તો એ સજ્જન, પણ દુર્જન કહેવાય ! સંગનો રંગ તો જુઓ !

## અહિંસાનું માહાત્મ્ય

અહિંસા જેવી શક્તિશાળી ભાવના દુનિયામાં કોઈ નથી. આ ત્રણ અક્ષરમાં તેં કેવું દૈવતભર્યું છે. કરુણા જેવી સુંદર ભાવના આમાંથી જન્મે ! અહિંસા ઉપર આખી દુનિયાનું મંડાણ! પ્રેમ આમાંથી જન્મે, વિશ્વ-વાત્સલ્ય આમાંથી જાગે અને વિશ્વ કલ્યાણની ભાવના પણ આમાંથી ઉદભવે! અહિંસા એ જીવન છે, અહિંસક માનવ અભયનો આશિર્વાદ છે.

# શાન્તિનો પરિમલ



અગરબત્તીનો સંયોગ, અગ્નિ સાથે થાય તો જ એમાંથી સુવાસ ભરેલું વાતાવરણ સર્જાય, તેમ વાણીનો સંયોગ વર્તન સાથે થાય તો જ એમાંથી શાન્તિનો પરિમલ પ્રગટે!

## જીવન-સત્વ

શેરડી પિસાય તોય એ મીઠા રસનું ઝરણું વહાવે. ચંદન ઘસાય તોય એ શીતળ સૌરભની મહેફિલ જમાવે. ઝાડ પથ્થર મારનારને એ મધુર ફળ આપે. ધૂપ સળગીનેય સુગન્ધ ફેલાવે. સજ્જન નિંદકનેય કરુણાભીની ક્ષમા આપે.

અપકાર પ્રસંગે પણ સજ્જનો જીવોને પ્રેમ સિવાય બીજું આપે પણ શું?

# પ્રસન્નતા



પ્રસન્નતાથી ખીલવું એ આપણો સ્વભાવ છે. તો જ્યાં પણ જઈએ ત્યાં પ્રસન્ન રહી, આસપાસના જીવનને પ્રસન્નતામાં શાને ન ખીલવીએ?

## ભાગ્યમાં શું?

ન દેખાતા ભવિષ્યમાં શું છુપાયું છે એની ચિન્તામાં દેખાતા વર્તમાનમાં જે હતું તે પણ ખોઈ નાખ્યું !

## અગમ્ય વાત

જેનો ક્રોધ સત્યમાંથી પ્રગટ્યો હોય, જેનો ગર્વ નમ્રતામાંથી ઉત્પન્ન થયો હોય, જેની માયા ફકીરીમાંથી જન્મી હોય અને જેનો લોભ સંતોષનો પુત્ર હોય- એવો માણસ આ રહસ્યમય સંસારને વધારે રહસ્યમય બનાવે છે.

# શ્રદ્ધાનું દ્વાર



સુમતિ ! તેં તારા રંગમહેલના તર્કની બારી તો ખુલ્લી રાખી છે, પણ શ્રદ્ધાનાં દ્વાર તો બિડાયેલાં છે! તારા નિમંત્રણને માન આપી આત્મદેવ તારા દ્વારે પધાર્યા છે, પણ દ્વાર બીડાયેલા છે, એ અંદર કઈ રીતે આવે? સુમતિ! ઓ સુમતિ! જલદી શ્રદ્ધાનું દ્વાર ખોલ, નહિ તો એ બહારથી પાછા વળે છે !

## ફૂલની કિંમત

સર્વ કંઈ તજજે પણ આત્માના આનંદને ન તજતો. આત્માના આનંદ ખાતર સર્વસ્વનો ભોગ આપવાનો પ્રસંગ આવે તો આપજે, પણ આત્માનંદને જાળવી રાખજે; કારણ કે એ આનંદ જ જિંદગીને અમર બનાવનાર રસાયણ છે. આત્માના આનંદને ખોનાર કદાચ જગતની સર્વ વસ્તુઓ મેળવી લે, તો પણ વાસ્તવિક દૃષ્ટિએ એણે શું મેળવ્યું કહેવાય? ખુશબુ ચાલી જાય, પછી ફૂલની કિંમત પણ શું?

# દુરુપયોગ



પોતાની જાતને સુધાર્યા વિના બીજાને સુધારવાની ઘેલછાથી માનવીની શક્તિ અને બુદ્ધિનો જે દુરુપયોગ થાય છે, એટલી બુદ્ધિ અને શક્તિ જો પોતાની જાતને સુધારવા માટે વપરાય, તો માણસ માણસાઈનો દીવો બને અને એ જ્યાં જાય ત્યાં આચારનાં અજવાળાં પાથરે, જેથી શાન્તિ ને મૈત્રી ની ઉષ્મા વિશ્વમાં ફેલાય.

## માનવ

ધર્મને જીવન-વ્યવહારમાં ઉતારવો એ કઠિન કાર્ય છે ખરું, પણ એને જે જીવન-વ્યવહારમાં ઉતારે છે તે જ ખરો માણસાઈ ભર્યો માનવ.

## સત્ય

પ્રેમને પ્રભુતા મળે તો ચૈતન્યમાં બિરાજતી પ્રભુતાને પ્રેમ શાને નહિ !

# વિચાર



જ્યારે ગર્વ આવે ત્યારે વિચાર કરો કે તમારાથી શ્રેષ્ઠ અને ઉચ્ચ સ્થાન મેળવનારી વ્યક્તિઓ મોજુદ છે; અને જ્યારે દીનતા આવે, ત્યારે વિચાર કરો કે તમારાથી નબળી દશા ધરાવનાર અનેક લોકો હૈયાત છે; આ વિચારથી તમારો ગર્વ ગળી જશે અને દીનતા બળી જશે.

## જીવનનું માપ

બીજાને ગબડતો જોઈ, પોતે સંભાળીને ચાલે તે જ્ઞાની. પોતે એક વાર ગબડ્યા પછી બીજી વાર સંભાળીને ચાલે તે અનુભવી. પોતે વારંવાર ગબડવા છતાં ઉન્મત્ત બનીને ચાલે તે અજ્ઞાની!

## ઉપદેશ

ઘણીવાર જાતે કર્તવ્ય કરવામાં નબળો માનવી, બીજાને ઉપદેશ દેવામાં સબળો બની જાય છે.

# એક પ્રશ્ન




ધર્મથી અધર્મ પ્રીતિ-સ્વભાવમાંથી પરભાવ પ્રતિ જતા ઓ મનવા ! તને એક પ્રશ્ન પૂછું: મૈત્રી અને પ્રેમમાંથી તું વેર અને ધિક્કાર તરફ જાય છે, પણ આગળ બેઠેલા મૃત્યુમાંથી અમરત્વમાં કેમ જઈશ?

## સ્વર્ગ અને નરક

આપણે સ્વર્ગ અને નરકમાં, આકાશ અને પાતાળમાં માનીએ છીએ, એને બદલે આપણા અન્તઃકરણમાં જ-આપણા મનમાં જ- સ્વર્ગ અને નરકને જોઈએ તો શું ખોટું? અન્તઃકરણમાં પ્રેમભર્યો સદ્‌વિચાર હોય ત્યારે આપણે સ્વર્ગના સુખમાં નથી હોતા? તેવી જ રીતે મનમાં કડવાશ ભર્યો વૈરભાવ હોય ત્યારે નરકની બેચેની નથી ભોગવતા? કારણ કે અન્તઃકરણ પર લાગેલો સદ્ કે અસદ્ વિચારોનો પટ જ અન્તે માનવી માટે સ્વર્ગ અને નરક સર્જે છે.

# સ્પર્શ



મંદિરના ખડબચડાં પગથિયાં પણ પ્રવાસીઓના સતત પગ સ્પર્શથી સુંવાળા થઈ જાય છે, કૂવાના કઠણ પથ્થરમાં પણ પનિહારીના દોરડાના ઘસારાથી કાપા પડી જાય છે, આરસના પથ્થરમાંથી શિલ્પીના ટાંકણાથી સુંદર મૂર્તિ બની જાય છે, તો શું સજ્જનના હૃદય સ્પર્શી સૂર સંગીતથી પાપી પુણ્યશાળી ન થાય?

## એકાન્તનો ભય

હાં, હવે સમજાયું, તમે એકાન્તથી કેમ ડરો છો? કારણ કે એકાન્તમાં તમારાં પાપો તમને યાદ આવે છે, અને એ યાદ આવતાં તમે ધ્રૂજી ઊઠો છો, એટલે એ પાપોને ભૂલવા તમે કોલાહલમાં ભળો છો અને એનો અવાજ ન સાંભળવા માટે તમે આત્મશ્લાઘાની નકામી વાતોનાં ઢોલ વગાડ્યા કરો છો!

ઠીક છે, આત્માના અવાજને રૂંધવા માટે આ માર્ગ સારો શોધ્યો છે !

# અમરતાનું ગાન



હું જાઉ છું - આમંત્રણ આવ્યું છે, એટલે જાઉ છું.

જનમ જનમના મારા જૂના સાથીઓનું જ્યોતિના સ્મિતમાં સંકેત કરતું નિમંત્રણ વાંચ્યા પછી વિલંબ કરવા હૈયું ના પાડે છે - હૃદયને મૂકીને હું અહીં કેમ રહી શકું ?

- તો મારા મિત્રો ! મારા ગમન-કાળે મંજુલ ગીત-ધ્વનિ કરજો, હર્ષથી નાચજો, પ્રેમનું જળ સિંચજો, મધુર કંઠે અમરતાનું ગાન લલકારજો, અને આનન્દની શરણાઈ વગડાવજો.

મારું ગમન પ્રસન્નતા ભર્યું છે. મારી ચેતના પુણ્યકાર્યોથી પૂત છે. મારો માર્ગ મંગળમય છે. લોકોએ પોતાની અજ્ઞાનતાથી એ માર્ગને ભલે અમંગળ કલ્પ્યો હોય, પણ વાસ્તવિક રીતે એ અમંગળ નથી. એ જીર્ણને ખંખેરીને તાજગી લાવનાર મહામંગલ છે.

# અર્પણ



દેવ ! હું નિર્ધન છું. મન્દિર બંધાવી શકું એવી મારી શક્તિ નથી, મારા અકિંચનના હૃદય મંદિરમાં આપ નહિ પધારો ?

કરુણાસાગર ! આ પ્રદેશમાં પવિત્ર જળ તો ક્યાંય છે નહિ, અને જે છે તે લોકૈષણાના વેગથી ડહોળું થઈ ગયું છે, તો ધ્યાનના સરોવરમાં સ્નાન કરીને આપના નિકટમાં આવ્યો છું. તો હું નિર્મળ નહિ ગણાઉં ?

આનન્દસાગર ! કુસુમ તો ઉપવનમાં મળે, હું તો આજે રણમાં વસું છું. ભાવનાનું કુસુમ લઈને આવ્યો છું, તો મારી આ પુષ્પપૂજાને આપ માન્ય નહિ કરો ?

અશરણના શરણ ! નૈવેદ્ય અકિંચન પાસે ક્યાંથી હોય ? મારા જીવનના નૈવેદ્યને આપના પુનિત ચરણકમલોમાં ધરું છું. પ્રેમથી એને નહિ નિહાળો ?

# પ્રસન્ન મન




કેટલાક કહે છે: મયૂરનું નૃત્ય, શરદ પૂનમની ચાંદની રાત, સરિતાનો કિનારો, લીલી વનરાજી, હિમગિરિનાં ઉન્નત શિખરો, કોયલનો ટહૂકો, ખીલતી ઉષાનું સોહામણું પ્રભાત, બાળકનું નિર્દોષ હાસ્ય, તાજું ગુલાબનું ફૂલ- આ બધાં માનવીને આહ્‌લાદ આપે છે; પણ અનુભવ કહે છે કે આ વાત અર્ધ સત્ય છે. મન જો પ્રસન્ન ન હોય તો આ બધી સુંદર વસ્તુઓ જેટલો શોક આપે છે, એટલો શોક આપવા સંસારની કદરૂપી વસ્તુઓ પણ અસમર્થ હોય છે!

## હાનિ કોને?

સુંદર વસ્તુઓને વિકારી દૃષ્ટિએ જોવાથી સુંદર વસ્તુઓ અસુંદર નહિ થાય; પણ તમારા નયનો અને તમારું માનસ તો જરૂર અસુંદર થશે! સુંદરતા કરતાં તને પોતાને હાનિ વિશેષ છે, નિર્મળતાને ખોઈ બેઠેલા નયનો નિર્બળતા સિવાય શું મેળવે છે?

# વિકાસ



કમળને પાણીની ઉપર આવવા માટે કીચડનો સંગ છોડવો જ પડે, તેમ મોક્ષ પામવાની ઇચ્છાવાળા સાધકને પણ મોહના કીચડમાંથી બહાર નીકળવું જ રહ્યું. મોહમાં મગ્ન રહેવું ને વિકાસ સાધવો એ બે એક સાથે કેમ બને ?

## અન્વેષણ

આજનો પરાજય એ આવતી કાલના વિજયનું સીમાચિન્હ બની જાય, જો પરાજયનાં કારણોનું શાન્તિ અને સમજપૂર્વક અન્વેષણ કરવામાં આવે તો!

## વિદ્યા

વિવેક અને વિનયયુક્ત કેળવણી એ સાચી વિદ્યા છે. આ વિદ્યા આત્મ જ્ઞાનનું ત્રીજું લોચન છે. કેટલીય સૂક્ષ્મ વસ્તુઓ જે આપણી આંખ-જોઈ ન શકે, તેની ઝાંખી આ જ્ઞાન લોચન કરાવે છે.

# સૂક્ષ્મ અને સ્થૂળ




પંખીની પાંખની જેમ માણસના પણ બે પાસાં છે. પંખી બે પાંખો વડે અનન્ત આકાશમાં ઊડી શકે છે, તેમ માણસ પણ આ પાસાં વડે સ્વતંત્રતાથી જીવી શકે. માનવીનાં આ બે પાસા એટલે એક સૂક્ષ્મજીવન અને બીજું સ્થૂલજીવન. અન્તરમાં ઉત્પન્ન થતા વિચારો એ સૂક્ષ્મજીવન અને એ વિચારોનું જે મૂર્તકાર્ય તે સ્થૂલજીવન! હવે વિચાર-જીવન સડેલું હોય તો કાર્ય-જીવન સારું ક્યાંથી થાય? એટલે જ જીવનદ્રષ્ટાઓ આ બે પાસા વચ્ચે સંવાદ સર્જવા વારંવાર ભલામણ કરે છે.

## પુરુષાર્થ

આત્મા માટે સાધનો છે, સાધનો માટે આત્મા નથી જ. જે સાધનો આત્મવિકાસમાં બંધનકારક હોય તેને હિંમતપૂર્વક ફગાવવાં એનું જ નામ વીર્યવાન પુરુષાર્થ !

# ઊર્ધ્વગામી



શ્રીમન્ત આગળ શ્વાન-વૃત્તિ અને ગરીબ આગળ વરુની વૃત્તિ ધારણ કરી બોલવું, એ માનવની ભાષા નથી. ભાષા સમાન હોવી ઘટે. આત્મા બંનેમાં છે, જે શ્રીમન્તમાં છે, તેવો જ ગરીબમાં પણ.

બોલનારે એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે એની ભાષા ક્ષોભવિહોણી અને સ્પષ્ટ હોવી ઘટે, જેમાંથી આત્મ-સ્વાતન્ત્ર્યનો પ્રકાશ વાક્યે વાક્યે ઝળકવો જોઈએ, જે સ્વપ્રતિભામાંથી સર્જાયેલો હોય ! આ જ માનવીની ભાષા છે અને વિવેકથી બોલવાની રીત પણ આ છે.

## ક્રોધ

સળગતાં પહેલા દીવાસળી પોતાનાજ મોંને બાળીને કાળું કરે છે તેમ ક્રોધી પોતાને બાળીને, પોતાને દુ:ખી કરીને જ બીજાને દુઃખી કરે છે.

# વિવેક



અહીં ભેગી કરેલી પૌદ્‌ગલિક વસ્તુઓ પરલોકમાં સાથે આવવાંની નથી, અને અહીં ભેગાં કરેલાં પાપ પરલોકમાં આવ્યા વિના રહેવાનાં નથી. આ સ્થિતિમાં શું ભેગું કરવું અને શું છોડવું, એનો ભેદ વિચાર કરવો એનું જ નામ વિવેક!

## ઈચ્છા-શક્તિ

આ માન્યતા અજ્ઞાનીની છે: ''કોઈ મને પોતાની અસાધારણ વિરાટ શક્તિથી અથવા કોઈ અલૌકિક ચમત્કારથી મુક્તિના દ્વારમાં પ્રવેશ કરાવશે!''

મોક્ષ મેળવવાની ભાવનાં હોય તો આ વચન હ્રદયમાં લખી લેજો: મોક્ષ મેળવવા માટે આત્માની બળવાન ઈચ્છા-શક્તિ પ્રગટ્યા વિના મોક્ષ અપાવનાર સંસારભરમાં કોઈ સમર્થ છે જ નહિ!

# સહનશીલતા



તમારાં દુ:ખો કેટલાં છે? એ હું તમને નહિ પૂછું. હું તો પૂછીશ કે તમારી સહનશીલતા કેટલી છે! એ દુ:ખોનો સામનો કરવાની તમારામાં શક્તિ કેટલી છે? કારણ કે સહનશીલતાના સૂર્ય આગળ દુ:ખનો અંધકાર દીર્ઘ કાળ નહિ ટકી શકે!

## કાવ્ય

જીવન એ જ એક મહાકાવ્ય છે. એનું આલેખન અદૃશ્ય અને ગાન મૌન છે. આપણે એને આલેખી તો નથી શકતા, પણ વાંચીયે નથી શકતા, કારણ કે આપણી પાસે સહૃદયતા ભરી દૃષ્ટિ નથી. શાંતિ અને આનંદ તો જ મળે- જો સહૃદયતાભરી પ્રેમ દૃષ્ટિથી વિશ્વના જીવનનું વાંચન થાય!

# મૂળથી જાય



વધેલા નખ જો યથાસમયે ન કાપીએ તો એ ખરાબ લાગે, એમાં મેલ ભરાય અને રોગની વૃદ્ધિ કરે, તેમ વધેલી સંપત્તિ પણ યોગ્ય સમયે ન વપરાય તો માણસને વિકૃત કરે, મલિનતા આણે ને રોગ-શોકનું કારણ બને. વળી કો'ક વાર જેમ ઠેસ વાગતાં, ન કાપેલો અને ખૂબ વધેલો નખ, આખો ને આખો ઉખડી જાય છે, તેમ પૈસાને ન વાપરનાર પણ કો'ક વાર સમૂળગું ધન ખોઈ બેસે છે અને શોક રહી જાય છે.

## મહત્તા

જીવનની મહત્તાને રાજમહેલ કે શ્રીમંતના રંગમહેલમાં નહિ, પણ નિર્જન સ્મશાનમાં વેરાયેલી કોઈ ત્યાગી અનામી આત્માની રાખની ઢગલીમાં શોધજો.

# વિચાર અને કાર્ય




વડના એક બીજમાં જેમ મહાવડ છુપાયેલો છે, અને એક બીજમાં વળી અનેક બીજ છુપાયેલાં છે, તેમ માણસના એક નાનામાં નાના વિચારમાં પણ એક મહાકાર્ય છુપાયેલું છે, અને એ એક વિચારમાં વળી અનેક વિચાર પોઢેલા છે. આ દૃષ્ટિએ વિચારનું એક આંદોલન એક કાર્યને જન્મ આપે છે અને એક કાર્ય વિશ્વમાં અનેક કાર્યોને જન્માવે છે- તળાવમાં નાખેલી કાંકરી જેમ કુંડાળાને ઉત્પન્ન કરે છે તેમ!

## જીવનનો જાણનારો

જીવન અંગે કંઈ પણ ન જાણવા છતાં 'બધું જાણું છું' એમ માનનારા જીવનના અજાણ ઘણા છે, પણ જીવન અંગે ઘણું ઘણું જાણવા છતાં મૌનમાં જીવનારા જીવનના જાણકાર તો સાવ વિરલ છે.

# પ્રેમ અને વાસના



તું મને પ્રેમ અને વાસના વચ્ચેનું અન્તર પૂછે છે, તો આટલું નોંધી લે:

પ્રેમ નિ:સ્વાર્થ હોય છે, વાસના સ્વાર્થપૂર્ણ હોય છે;

પ્રેમ નિરપેક્ષ હોય છે, વાસના સાપેક્ષ હોય છે;

પ્રેમ પ્રકાશ ઝંખે છે, વાસના અંધકાર ચાહે છે;

પ્રેમ પાસે જનનીની આંખ હોય છે, વાસનાને ગીધની આંખ હોય છે; પ્રેમ વિશાળતાને સત્કારે છે; વાસના સંકુચિતતાને આવકારે છે;

પ્રેમ ગતિ આપે છે; વાસના ગતિ અવરોધે છે; પ્રેમમાં ત્યાગ હોય છે, વાસનામાં લોલુપતા હોય છે.

## સંતોષી

મહાલયને સુંદર કહેનારને લોભી ન માનતા; ઝૂંપડાને સરસ કહેનારને સંતોષી ન ધારતા. સંતોષી તો તે છે જે મહાલય અને ઝૂંપડામાં આસક્ત ન થતાં જે મળે તેમાં સંતોષને શ્રેષ્ઠ માની જીવે અને અસંતોષને કનિષ્ઠ માની ત્યજે.

# શ્રદ્ધા



આત્મશ્રદ્ધા, એ સૌથી મોટું બળ છે. પરિશ્રમનું વૃક્ષ ત્યારે જ ફળ આપે છે, જ્યારે એમાં આત્મ શ્રદ્ધાનું જળ સિંચાય છે.

## કાળની શક્તિ

ઇતિહાસ કહે છે કે અપકૃત્યોને સદા ઢાંકી રાખે એવો પડદો વણનાર વણકર, હજી સુધી તો વિશ્વને લાધ્યો નથી; સ્થાન અને કાળ એવાં વિલક્ષણ છે કે, જગતના કુશળમાં કુશળ વણકરના પડદાને ચીરીને પણ વહેલુ મોડું એ પાપનું દર્શન કરાવે છે !

## પ્રેમ પૂર્ણ સહિષ્ણુતા

તર્ક ને ટીકાથી કદી સંસાર ચાલતો નથી. સંસારને મીઠો અને સુંદર બનાવવો હોય તો જીવનમાં પ્રેમ-પૂર્ણ સહિષ્ણુતાનું સ્વાગત કરીએ !

# સંતોષ




સમ્રાટ અકબર જે વિલાસનાં સાધનો મેળવી શક્યો, એનાથી અનેકગણાં વિલાસનાં સાધનો આજના વિજ્ઞાન યુગનો એક સાધારણ નાગરિક મેળવી શકે છે; પણ સુખ અને શાન્તિ કોઈ યુગમાં કે માત્ર સાધનોમાંજ નહિ, પણ માણસની સમજ અંને સંતોષમાં છે.

## પરિગ્રહ-પરિમાણ

જેણે જીવનમાં પરિગ્રહ-પરિમાણ વ્રત અપનાવ્યું છે, તેના જ જીવનમાં સુખ ને શાંતિ વસે છે. પરિગ્રહ-પરિમાણ એટલે જરૂરિયાત અને સંગ્રહવૃતિની મર્યાદા! આવી મર્યાદા બાંધનાર પોતાનું જીવન સુખી કરે છે. અને એના સમાગમમાં આવનાર અન્યને પણ એના તરફથી અસુખ થતું નથી.

# ધર્મ-શિખર



ધર્મના શિખરે પહોંચવા અહિંસા, સંયમ, તપ અને સેવાનાં પગથિયે ચડતાં શીખવું પડશે, ત્યારે જ ધર્મના શિખર પર પહોંચી શકાશે.

## તક

તમારા દિલમાં સચ્ચાઈ હોય અને કાર્યમાં આત્મવિશ્વાસ હોય તો તકની વાટ જોઈને નિષ્ક્રિય બેસી રહેશો નહિ; તક આવવાની નથી પણ તમારે ઊભી કરવાની છે. તમારા મનમાં પ્રમાણિકતા હશે તો નબળી તક પણ બળવાન બની જશે.

તકની રાહ જોઈને બેસી રહેતા કેટલાય નિષ્ક્રિય માણસો કાંઈ પણ સર્જન કર્યા વિના, જગતમાંથી રડતા રડતા ચાલ્યા ગયા. પુરુષાર્થી તો તે છે, કે જે જીવનની દરેક પળને મહામૂલી સમજી-અપૂર્વ તક સમજી-કાર્ય કર્યે જ જાય છે. એવા જ માણસો મરણને હસતા હસતા ભેટે છે.

# સંકલ્પ



હે આત્મદેવ ! આજના મંગળ પ્રભાતે, હું ઈચ્છું કે: કોઈનાય સૌન્દર્ય પર કુદૃષ્ટિ કરવાનો પ્રસંગ આવે તો હું અન્ધ હોઉં, કોઈની નિન્દા સાંભળવાનો સમય આવે તો હું બહેરો હોઉં, કોઇના અવગુણ ગાવાનો સમય આવે તો હું મૂંગો હોઉં, કોઈનું દ્રવ્ય હરવાની વેળા આવે તો હું હસ્તહીન હોઉં.

## ભેદ જ્ઞાન

આત્મા અને પરમાત્મા વચ્ચે સ્વરૂપની દૃષ્ટિએ કશો ભેદ નથી. જેમ ખાણનું સોનું અને બજારનું સોનું, સોના રૂપે તો એક જ હોય છે. તફાવત એટલો જ કે બજારનું સોનું શુદ્ધ હોય છે અને ખાણનું સોનું અશુદ્ધ હોય છે. પરમાત્મા કર્મથી અલિપ્ત છે અને આપણે કર્મથી લિપ્ત છીએ. પરમાત્માની આજ્ઞારૂપ અગ્નિમાં આપણી જાતને શુદ્ધ કરીએ અને કર્મમળથી મુક્ત થઈ આત્મા-પરમાત્માનો ભેદ મિટાવી પરમાત્માનો પરમ આનંદ માણીએ.

# પુરુષાર્થ



ભૂતકાળના પુરુષાર્થમાંથી વર્તમાનકાળનું પ્રારબ્ધ સર્જાયું છે, તેમ વર્તમાનકાળના પુરુષાર્થમાંથી ભવિષ્યકાળનું પ્રારબ્ધ સર્જાશે, માટે જીવન-વિકાસના સાધકે પ્રારબ્ધની નબળી વાતો છોડી, આત્મવિશ્વાસ પૂર્વક સચ્ચાઈથી વર્તમાનના સર્જનમાં અવિશ્રાન્તપણે લાગી જવું જોઈએ.

## પ્રતિભા

પ્રતિભા એટલે પરાજયને વિજયમાં ફેરવનાર આત્માની શ્રદ્ધાભરી શક્તિ! આવી પ્રતિભાવાળો માનવ પરાજયના અંધારામાં પણ વિજયનું પ્રભાત જુએ છે.

## સાધન

ક્રોધના અગ્નિને શાંત કરવા સમતાનો ઉપયોગ કરો. માનના પર્વતને ભેદવા નમ્રતાનો સહારો લો. માયાની ઝાડીને કાપવા સરળતાનું સાધન વાપરો. લોભનો ખાડો પૂરવા સંતોષની સમજ લો.

# જ્ઞાન



જ્યાં પ્રકાશ છે ત્યાં અન્ધકારને સ્થાન નથી અને જ્યાં અન્ધકાર છે ત્યાં પ્રકાશ ન સંભવે. તેમ જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં વેર અને વાસનાને સ્થાન નથી, ને જ્યાં વાસના અને વેર છે ત્યાં આત્મજ્ઞાન ન સંભવે!

## કૃત્રિમતા

તમે બાહરથી સુંદર ને ભલા દેખાવાના કેટલા બધા પ્રયત્ન કરો છો? પણ અંદર તમારું મન બેડોળ અને મલિન હોય તો બાહરનો કૃત્રિમ દેખાવ અંતે શું કામ લાગશે? જગતને કદાચ છેતરી શકશો, જગતની આંખમાં ધૂળ નાખી શકશો, પણ સદા જાગૃત રહેતા તમારા જીવન-સાથી આત્મદેવને કેમ કરી છેતરી શકશો? એની આંખમાં ધૂળ કેવી રીતે નાંખશો? આત્મદેવ આગળ તો તમે નિરાવરણ થઈ જવાનો છો; તે વખતે જીવન ધૂળ થશે તેનું શું?

# ઉચ્ચ ધ્યેય



માનવી પાસે જીવનનું કોઈ ધ્યેય ન હોય ત્યારે તે પોતાનો સમય વિતાવવા જીવન વિલાસમાં ખર્ચે છે. અને એ વિલાસી જીવનના અતિરેકથી માનવી અંદરથી ધીરે ધીરે ખવાતો જાય છે અને વ્યસનોથી ઘેરાતો જાય છે. આ રીતે પતનનો પ્રારંભ સુંદર દેખાતા વિલાસથી થાય છે.


## સૌન્દર્ય

ઈન્દ્રિયો દ્વારા અનુભવાય એ સૌન્દર્ય નહિ, પણ વાસનાનું બાહ્યરૂપ છે. સૌન્દર્ય તો પોઢે છે શાન્ત માનવીના પ્રશાન્ત હૈયામાં, જે ચિત્તની શાન્ત અને મનની પ્રસન્ન અવસ્થામાં અવલોકી શકાય અને અનુભવી શકાય!

## કર્મ

કર્મ બે પ્રકારનાં હોય છે: અધમ ને ઉત્તમ. ફળની ઇચ્છાથી કરેલું કર્મ અધમ ગણાય અને ફળની આકાંક્ષા-ઇચ્છા-રાખ્યા વિના પ્રસન્નતાથી કરેલું કર્મ ઉત્તમ ગણાય.

# લાયકાત



ઊંડું ચિન્તન, નિર્મળ ચારિત્ર, તીવ્ર ઇચ્છાશક્તિ, પ્રબળ પુરુષાર્થ અને આત્મવિશ્વાસથી માનવી વિશ્વના કોઈ પણ પ્રદેશમાં સફળતા મેળવી શકે છે.

## અસ્વચ્છ મન

ચિન્તનના વારિથી મનને હંમેશાં સ્નાન કરાવતા રહીએ. દાંત, મુખ અને શરીર વગેરે જેમ સ્વચ્છ રાખીએ છીએ તેમ મનને સ્વચ્છ રાખવા પણ સજાગ રહીએ. અસ્વચ્છ શરીર જેટલું ભયંકર નથી એથી વધુ ભયંકર અને દુ:ખદાયક તો છે અસ્વચ્છ મન!

## પરિણામની સમજ

મોટા ભાગે પાપની ભયંકરતા પાપકાર્યમાં પડતાં માનવીને બચાવે છે. પાપના પરિણામની સમજ વિના નથી તો થતું પુનિત માર્ગે પ્રયાણ કે નથી અટકતું પાપના માર્ગનું ગમન!

# માર્ગસૂચક



અમાવસ્યાની અંધારી રાતમાં એકલા અને અટૂલા પથિકને આશ્વાસન હોય તો તે માત્ર આકાશના તારલા છે, તેમ સંસારરૂપ આકાશમાં જ્યારે ચારે બાજુ અજ્ઞાનનું અંધારું છવાયું હોય ત્યારે જીવનસાધકને પથ પ્રદર્શક હોય તો પોતાનો આત્મવિશ્વાસ અને મહાવીરનાં અંતરમાંથી આવતાં અનુભવ વચનરૂપ ચમકતા તારલા જ છે.

## સમય

પ્રભાતે રોજ આટલું વિચારોઃ આખા દિવસના કેટલા કલાક ખાવામાં, ધંધામાં, ધમાલમાં અને નિંદ્રામાં જાય છે અને સદ્કાર્ય, સદ્વિચાર, સેવા અને ચિન્તનમાં કેટલા કલાક જાય છે?

# ધન ને મન



પૈસો વધવાથી મન સ્થિર બને છે ને ઓછા પૈસાથી મન અસ્થિર બને છે, એમ કહેનારા ધનને સમજે છે પણ મનને નથી સમજતા. સંતોષ ન આવે તો જગતની સંપત્તિ એને ત્યાં ઠલવાઈ જાય તો પણ મન સ્થિર બનતું નથી. અને સંતોષ આવી જાય તો સંપત્તિ કદાચ ચાલી જાય તો પણ મન નીચે નથી જતું. મન અને ધનનો ભેદ ગંભીરતા પૂર્વક સમજવા જેવો છે.

## બાલ-માનસ

બાલ-માનસ એ તો અરીસા જેવું છે. એના પર વડિલોના સદ્ કે અસદ્ વિચાર-વાણી-વર્તનનું પ્રતિબિંબ પડવાનું જ. માતા-પિતા બનતા પહેલા જીવનને આદર્શ બનાવી લેવું જોઈએ. એમ ન કરનાર ગુનો કરે છે.

# શાન્તિ માટે યુદ્ધ !



જગતના મુત્સદ્દીઓ પોતાના રક્ષણ માટે માનવધર્મના નામની ટહેલ નાંખે છે અને એ જ માનવધર્મના નામે વિશ્વમાં વિકરાળ ને હિંસક યુદ્ધ ખેલે છે. ઘણી વાર માનવ-ધર્મની વાતો ડાકલા જેવી બની જાય છે. એ બન્ને બાજુ વાગે છે. એમાંથી બન્ને ધ્વનિ નીકળે છે: અહિંસા ને હિંસાનો! જેવો વગાડનાર તેવો પડઘો. એ જ રક્ષક અને એ જ ભક્ષક ! આ જ માનવતાનું તાંડવ !

## પાપબીજ

ધરતીના પેટાળમાં છુપાયેલું બીજ ચોગાનમાં વૃક્ષ બનીને પ્રગટે છે, તેમ ભૂગર્ભમાં કરેલાં છાનાં પાપ પણ જગતના ચોગાનમાં વિવિધ રૂપે દેખાય છે. પાપ કરતી વખતે જ એની સજાનાં બી વવાઈ જતાં હોય છે અને એક પાપ બીજા મહાપાપ માટેનો દરવાજો બને છે.

# આત્મનાદ




હું એક છું, અખંડ છું, જ્ઞાન સ્વરૂપ છું, શક્તિશાળી છું, મારો આત્મા શક્તિઓનો સ્રોત છેઃ- ધ્યાનમાં, આવું આત્મભાન જ્યારે જાગૃત થશે અને ઊંડાણમાંથી આત્મનાદ આવશે તો મનની ભીરુતા કેમ ટકશે!

## સામાજિક મૂલ્ય

દુનિયા તો દોરંગી છે. તારા મોઢે ઘડીકમાં તને સારો કહેશે ને પછી ખરાબ પણ કહેશે. દુનિયા સારો કે ખરાબ કહે તે પ્રસંગે તું તારા જીવનનો અભ્યાસ કરજે. તું શું છો? ખરાબ હો તો સુધરવું અને સારો હો તો મૌન રાખવું! કારણ કે દુનિયાના શબ્દો કરતાં આત્માના શબ્દો વધુ કિંમતી છે!

## ઝંખના



આપણો વિજય આમાં છે: ભવ્ય ભૂતકાળની વિખરાઈ ગયેલી શક્તિઓના સંચયમાં અને ભાવિની નવલી શક્તિઓના સર્જનમાં.

## મનોધર્મ

તમારું મન જ સ્વર્ગ છે અને મન જ નરક છે. સુંદર વિચારોના પ્રકાશથી વિકસેલું મન સ્વર્ગનો આનંદ આપે છે, ખરાબ વિચારોના અંધકારથી કરમાએલું મન નરકની યાતના ઉત્પન્ન કરે છે; આમ મન જ હર્ષ ને શોકનું જનક છે.

## કાયર

પોતે હૈયાથી ન માનતો હોય છતાં ગુરુ, ગચ્છ કે વાડાના આગ્રહ ખાતર અસત્યને સ્વીકારનાર એ સાધુ નહિ, માણસ પણ નહિ, ભીરુ પણ નહિ, પરંતુ કાયરમાં પણ કાયર!

# નવનીત



નવનીત તો છુપાયું છે સમાધિપૂર્ણ મૌનમાં, વાતોમાં તો મોટા ભાગે ખાટી છાશ જ મળશે.

## ક્રોધ

ક્રોધના કડવા પરિણામને જાણ્યા વિના ઘણા અલ્પજ્ઞ આત્માઓ, માત્ર માન-પાન મેળવવા માટે અન્તરમાં ક્રોધ ગોપવીને બાહ્ય સમતાનો આંચળો ઓઢે છે; પણ અવસરે તે ગોપવેલો ક્રોધ પોતાની વિકૃતિ બતાવ્યા વિના રહેતો નથી. ક્રોધને છુપાવો નહિ. એનાં કારણ-સમજો. આપણી અપેક્ષાઓ જ ક્રોધનું મૂળ છે.

## વિજય-માર્ગ

ઉપદેશકના આચરણના ઊંડાણમાંથી જન્મેલ વચન જે હૃદયને સ્પર્શી જાય છે. શ્રોતાના હૃદયના ઊંડાણમાં સૂક્ષ્મ પણ આત્મવિકાસની ઝંખનાનું બીજ હોય તો સમય જતાં તે શ્રોતા-વક્તાના મિલન થી કલ્પવૃક્ષ બની જાય છે.

# આરસી



નાગરિકો નૈતિક રીતે નિર્બળ અને અપ્રમાણિક હોય ત્યારે સરકારે જ નૈતિક-પ્રમાણિક બનવું જોઈએ એમ એકપક્ષી કહેવું અર્ધ સત્ય છે. માનવીનું મુખ કદરૂપું હોય ત્યારે અરીસાના પ્રતિબિમ્બે જ સુંદર બનવું જોઈએ એના જેવી આ વાત છે.

## હક્ક નહિ, યોગ્યતા

સ્વાતંત્ર્ય એ જન્મસિદ્ધ હક્ક નથી, પણ યોગ્યતાથી પ્રાપ્ત થએલો અધિકાર છે. સ્વાતંત્ર્ય એ જો જન્મસિદ્ધ હક્ક હોય તો બાળકને મત-સ્વાતંત્ર્ય, વ્યભિચારીને આચાર-સ્વાતંત્ર્ય, મૂર્ખને વિચાર-સ્વાતંત્ર્ય, કજિયાખોરને વાણી-સ્વાતંત્ર્ય અને જન્માંધને પરિભ્રમણ-સ્વાતંત્ર્ય મળવું જોઈએ. અને એ મળે તો તેનું કેવું ભયંકર પરિણામ આવે? એટલે જ જીવન-દ્રષ્ટાઓ કહે છે: હક્ક નહિ, પણ યોગ્યતા વિકસાવો.

## ક્ષણ



પ્રમાદી માણસને ક્ષણ કલાક-દિવસ-માસ-વર્ષ કે જિંદગીની પણ કિંમત નથી. અપ્રમત્તને તો એક ક્ષણ પણ સોનાનો કણ લાગે; કારણ કે સોનાને પ્રાપ્ત કરાવનાર અન્તે તો ક્ષણ જ છે ને?

## મૂર્ખ

મૂર્ખ તો તે જ છે, જે પોતાના આત્માને છેતરતી વખતે એમ માને છે કે હું જગતને છેતરું છું.

## દર્શન

આ મન કેવું જડ થઈ ગયું છે!

આરસની મૂર્તિમાં ભગવાન છે, એમ એ માને છે. જીવતા માણસમાં ભગવાન છે તે તેને દેખાતા નથી!

# સાધના



ધર્મની સાધના કરતાં વિચારવું કે મૃત્યુ જન્મ સાથે જડેલું છે. પણ હું તો અત્યારે જીવંત છું આજનો દિવસ મારો છે. તો સાધના એક ચિત્તે કરી શકાશે.

વિદ્યાનો અભ્યાસ કરતાં ચિન્તવવું કે મૃત્યુની પેલી પાર પણ જીવન છે. હું જીવન છું. હું અમૃત છું, હું અભય છું. મારા સ્વભાવમાં રમવાની આ અપૂર્વ પળ છે - જીવન સાતત્યની આ સમજથી તો અભ્યાસ નિર્ભયતાથી કરી શકાશે.

## ઠગાતો ઠગ

જે ઘડીએ માનવી અન્યને ઠગતો હોય છે, તે જ ઘડીએ તેની ઠગાઈ, ઠગનારને નીચે લઈ જતી હોય છે! ઠગનાર ઠગીને આનંદિત બને છે, ત્યારે ઠગાઈ તેને નીચે પછાડતી હોય છે. અંતે ઠગનાર જ ઠગાય છે.

# આંસુ



મેં તને ક્યારે કહ્યું હતું કે આંસુ આપીશ નહિ! મેં તો એટલું જ કહ્યું હતું કે દંભનાં, ક્રોધનાં કે શોકનાં અપવિત્ર આંસુ આપીશ નહિ. આપે તો પ્રેમનાં, કરુણાનાં કે સહાનુભૂતિનાં પુનિત આંસુ આપજે!


## ફલેચ્છા

આજના લોકમાનસમાં એક એવી માન્યતા પ્રવર્તે છે; કોઈ પણ કાર્યનું ફળ તરત મળવું જોઈએ. આને કારણે માણસની નજર ફળ તરફ જાય છે, પણ કાર્યની નક્કરતા વીસરાઈ જાય છે; પરિણામે નક્કર કાર્ય પણ થતું નથી, ને ચિરંજીવ ફળ પણ મળતું નથી.

## પ્રાયશ્ચિત્ત

ભૂલ થવી એ સ્વાભાવિક છે, પણ થયેલી ભૂલને પશ્ચાતાપનાં આંસુથી ધોઈ ન નાંખવી એ જ અસ્વાભાવિક છે.

# પાગલ



એક પાગલે મને કહ્યું :

આ જગત કેવું પાગલ છે ! હું જે કહું છું તે કોઈ સાંભળતું નથી અને હું કરું છું તેમ કરતું પણ નથી.

પાગલનું આ વાક્ય સાંભળ્યું ત્યારે મને લાગ્યું કે ઘણા માણસો પોતાની જાત સિવાય બીજાને પાગલ માનતા હોય છે. ‘‘અક્કલમાં અધૂરો નહિ, અને પૈસામાં કોઈ પૂરો નહિ.’’ તો પછી આ જગતને પાગલ કહેનાર ખરો ડાહ્યો – કે પાગલને પાગલ કહેનાર જગત ખરું ડાહ્યું !



## વિશ્વ મૈત્રીની મંગલ ભાવના

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોનાં ચરણ કમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.

દીન, ક્રૂર ને ધર્મ વિહોણા, દે ... માં દર્દ રહે,
કરુણા ભીની આંખો ... શ્રોત વહે.

માર્ગ ભૂલેલા જીવ ... ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મા ... ચિત્ત ધરું.

ચિત્રભાનુની ધર્મ ભા ... સૌ માનવ લાવે,
વેરઝેરનાં પાપ ત્યજીને, મંગલ ગીતો સૌ ગાવે.